RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 24-06-2026 I VOL : 12 I Issue : 99 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

બીજાને માન આપશો તો માન મળશે. મુશ્કેલીઓ તકનું રૂપ હોય છે

3  જંગલેશ્વર ડિમોલિશનમાં 'કાજુ કતરી' કોણ ઝાપટી ગયું?:ખાણીપીણીનું 27.20...

4  અમેરિકા- ઇરાન ડીલમાં ચાર લક્ષ્મણ રેખા એક પણ ઓળંગાશે તો યુદ્ધ ફરી શરૂ થશે

6  શ્રદ્ધા કપૂરનો ધમાકો: 'ઈથા' માં જોવા મળ્યો લાવણી અંદાજ

7  પોર્ટુગલ માટે રોનાલ્ડો બે ગોલ ફટકારી રેકોર્ડ બનાવ્યો

## એક નજર...

### બ્લેક આઉટફિટમાં ચિત્રાંગદા સિંહે કરાવ્યું બોલ્ડ ફોટોશૂટ



બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓની વાત આવે ત્યારે ચિત્રાંગદા સિંહનું નામ ચોક્કસ તેમાં સામેલ થાય છે. તાજેતરમાં ચિત્રાંગદા સિંહની તસવીરો સોશિયલ મીડિયા પર આગ લગાવી રહી છે. ચિત્રાંગદા સિંહે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ગ્લેમરસ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં ચિત્રાંગદા ખૂબ જ સુંદર લાગી રહી છે.

## NEWS TRACK

### 'લગ્ન બાદ મારે 3 મહિલા સાથે અફેર હતા, જેમાં એક રશિયન વિજ્ઞાની હતી...' બિલ ગેટ્સની કબૂલાત

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે પોતાના ત્રણ એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ (લગ્નેતર સંબંધો) અંગે એક મોટો અને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગેટ્સે કુખ્યાત યૌન અપરાધી જેફરી એપ્સ્ટીન પર ગંભીર આક્ષેપ લગાવતા જણાવ્યું છે કે, 'એપ્સ્ટીન મારા આ અફેર વિશે બધું જ જાણતો હતો અને તેને આધારે તે મને બ્લેકમેલ કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો.' જેફરી એપ્સ્ટીનના નેટવર્ક અને તેના સંપર્કોની તપાસ કરી રહેલી 'યુએસ હાઉસ ઓવરસાઈટ કમિટી'ના રિપોર્ટમાં આ ખુલાસો કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા કેટલાક નવા દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા બાદ એપ્સ્ટીન અને બિલ ગેટ્સના જૂના સંબંધોની ફરીથી તપાસ શરૂ કરવામાં આવી છે. આ વિવાદ અંગે પોતાનો પક્ષ રાખવા માટે બિલ ગેટ્સ 10 જૂનના રોજ પોતે આ તપાસ સમિતિ સમક્ષ હાજર થયા હતા, જ્યાં અમેરિકન સાંસદોએ તેમનું સત્તાવાર નિવેદન નોંધ્યું હતું.

### ખામેનેઈના અંતિમ સંસ્કારમાં આવવા વડાપ્રધાન મોદીને આમંત્રણ, ઈરાનના પ્રમુખે મોકલ્યો સંદેશ

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાન આવવાનું આમંત્રણ આપ્યું છે. આ આમંત્રણ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે છે. 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ખામેનેઈનું મોત થયું હતું. જેની સત્તાવાર પુષ્ટિ ઈરાન દ્વારા 1 માર્ચ 2026ના રોજ કરવામાં આવી હતી. 9 જુલાઈના રોજ દફનવિધિ ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર 4 જુલાઈ 2026થી શરૂ થઈ રહ્યા છે. ઈરાન અમેરિકા સાથે ડીલ પર કરાર કર્યા પછી આ કાર્યક્રમને પોતાની શક્તિ અને ઈરાની સાર્વભૌમત્વના પ્રદર્શન તરીકે રજૂ કરી રહ્યું છે. 5 દિવસ પછી 9 જુલાઈ 2026ના રોજ ખામેનેઈને તેમના વતન મશહદમાં દફનાવવાની સાથે સમાપ્ત થશે. હવે યુદ્ધ સમાપ્ત થયા પછી આ તારીખ નક્કી થઈ છે. ઈરાન આ આયોજનને ભવ્ય બનાવવા માટે પૂરી તૈયારી કરી રહ્યું છે. તેહરાનમાં 4 અને 5 જુલાઈએ ખામેનેઈના દેહને જનતાના દર્શન માટે રાખવામાં આવશે.

### પાકિસ્તાનની બોલતી બંધ

# સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે કાશ્મીર મુદ્દે આપ્યો જડબાતોડ જવાબ

લખનઉ

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)ની બેઠકમાં ભારતે પાકિસ્તાનની ટિપ્પણીઓનો સખત વિરોધ કરીને વૈશ્વિક મંચ પર તેને ફરી એકવાર જોરદાર ફટકાર લગાવી છે. પાકિસ્તાનની બોલતી બંધ કરતાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે કાશ્મીર મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે UNSCના દાયકાઓ જૂના આદેશો અને મધ્યસ્થતાની પદ્ધતિઓની સમીક્ષા કરવાની સ્પષ્ટ માંગ કરી છે, કારણ કે બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિઓ અનુસાર તે હવે પ્રાસંગિક રહ્યા નથી. UNSCની ખાસ બેઠક અને ભારતનું વલણ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પર્વથાનેની હરીશે ચીન અને પાકિસ્તાનની સહ-અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભારતનો પક્ષ મજબૂતાઈથી રજૂ કર્યો હતો. તેમણે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના ચેપ્ટર VI અને VII હેઠળ પસાર



કરાયેલા પ્રસ્તાવો વચ્ચેનો મૂળભૂત તફાવત સમજાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સુરક્ષા પરિષદના તમામ જૂના આદેશોને હંમેશા માટે લાગુ ગણી શકાય નહીં. ભારતીય રાજદૂતે જણાવ્યું કે, ચેપ્ટર VIIના પ્રસ્તાવો આંતરરાષ્ટ્રીય શાંતિ ભંગ થવાની અને આક્રમણની ઘટનાઓ સાથે સંબંધિત છે, જેમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે નક્કર પગલાં લેવાનો અધિકાર હોય છે. આનાથી વિપરીત, ચેપ્ટર VIના પ્રસ્તાવો માત્ર વાતચીત, મધ્યસ્થતા અને પરસ્પર સુલેહ જેવા શાંતિપૂર્ણ ઉકેલોની સુવિધા માટે હોય છે.

## રામમંદિર ચોરી કેસ-SITએ ચંપત રાય સહિત 17 લોકોને આરોપી માન્યા

અયોધ્યા

અયોધ્યા રામ મંદિર ચોરી કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એટલે કે SIT એ તપાસ રિપોર્ટમાં મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રા અને નિર્માણ પ્રભારી ગોપાલ રાવ સહિત 17 લોકોને આરોપી માન્યા છે. તેમની વિરુદ્ધ FIR થવી લગભગ નિશ્ચિત મનાઈ રહી છે. સૂત્રો પાસેથી આ માહિતી મળી છે.

SIT આજે ફરી તપાસ માટે અયોધ્યા પહોંચી શકે છે. સૂત્રો અનુસાર, તપાસ દરમિયાન SIT ટીમને દાનપેટીઓની ચાવીઓ રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ પાસેથી મળી હતી. SIT એ લગભગ 150 એવા સેવાભાવીઓ અને કર્મચારીઓને ઓળખ્યા છે, જેમની આર્થિક સ્થિતિમાં 22 જાન્યુઆરી 2024 ના રોજ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પછી બદલાવ આવ્યો. તેમાં ચંપત રાયના નજીકના મનાતા ફૂલકાંત મિશ્રા પણ સામેલ છે. તેમની પાસે 3 લક્ઝરી કાર છે, જેમની કુલ કિંમત 25 લાખ રૂપિયા છે.

# રેશન સિસ્ટમમાં મોટા ફેરફારની સરકારની તૈયારી

### પરિવાર દીઠ 35 કિલોની મર્યાદા સાથે આવશે નવો નિયમ

નવી દિલ્હી

દેશની જાહેર વિતરણ પ્રણાલી અને રેશનિંગ વ્યવસ્થામાં ટૂંક સમયમાં મોટો ફેરફાર થઈ શકે છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા(સંશોધન) વિધેયક-2026નો મુસદ્દો જાહેર કર્યો છે. આ નવા ખરડામાં અંત્યોદય અન્ન યોજના(AAY) હેઠળ અનાજ વિતરણની પદ્ધતિ બદલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર, આ પગલાનો મુખ્ય હેતુ ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત અને ન્યાયસંગત બનાવવાનો છે. શું છે નવો પ્રસ્તાવ? નવા મુસદ્દા પ્રમાણે, અત્યાર સુધી અંત્યોદય અન્ન યોજના હેઠળ દરેક પાત્ર પરિવારને દર મહિને 35 કિલોગ્રામ અનાજ આપવામાં આવતું હતું. હવે તેમાં ફેરફાર કરીને દર મહિને પ્રતિ વ્યક્તિ 7 કિલોગ્રામ અનાજ આપવાનો પ્રસ્તાવ છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ પરિવારને મળનારા અનાજની મહત્તમ મર્યાદા દર મહિને 35 કિલોગ્રામ જ રહેશે. એટલે કે પરિવારના સભ્યોની સંખ્યા પ્રમાણે અનાજ વહેંચાશે પણ કુલ જથ્થો નક્કી કરેલી સીમાથી વધશે નહીં. સરકારનું માનવું છે કે, વર્તમાન વ્યવસ્થામાં પરિવારના કદના આધારે અસમાનતા જોવા મળે છે. નાના પરિવારોમાં વ્યક્તિ દીઠ વધુ અનાજ મળી જાય છે, જ્યારે મોટા પરિવારોમાં વ્યક્તિ દીઠ ઓછું અનાજ આવે છે. આ અસંતુલનને ખતમ કરવા અને તમામ લાભાર્થીઓને સમાન ધોરણે લાભ આપવા માટે આ નવી વ્યવસ્થા લાવવામાં આવી રહી છે. આ પ્રસ્તાવ લાગુ થવાથી રેશન વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને સંતુલન વધશે. તેનાથી એ સુનિશ્ચિત કરી શકાશે કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત મુજબ અનાજ મળી રહે. ખાસ કરીને મોટા અને જરૂરિયાતમંદ પરિવારોને આનો સીધો લાભ મળી શકે છે.

# કરજણમાં ખાખી, ખાદી અને ખાણ-ખનીજનું ત્રિપુટી મોરચો

## ધારાસભ્ય અક્ષય પટેલ અને કથિત ગુંડા ઘુઘા ભરવાડના લૂંટારુ સામ્રાજ્ય સામે પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો મોરચો!

બરોડા/કરજણ

જ્યારે સત્તાના અહંકારમાં અંધ બનેલા નેતાઓ અને કાયદાને પોતાના જોડાની નોકે રાખતા ગુનાહિત માનસિકતાવાળા સાગરીતો એક થઈ જાય, ત્યારે કેવો વિનાશ સર્જાય છે તેનો જીવતો-જાગતો પુરાવો એટલે કરજણ તાલુકો! કોંગ્રેસમાંથી ભાજપના વોશિંગ મશીનમાં ધોવાઈને અચાનક પવિત્ર થઈ ગયેલા કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ, ક્રિમિનલ માઈન્ડસેટ ધરાવતા કાઉન્સિલર ઘુઘા ભરવાડ ઉર્ફે ગોકુલ ભરવાડ અને તેમના કાળા કારોબારના મેનેજરોએ સમગ્ર પિંગરવાડા અને ઘનધારા ગામને લૂંટવા માટે એક મોટું માફિયા સામ્રાજ્ય ઊભું કર્યું છે. સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાડીને આ ટોળકી ગુજરાત સરકારના કાયદાના લીરેલીરા ઉડાવી રહી છે.

### કુદરત પર અત્યાચાર: નર્મદાના પટમાં 200 ફૂટ ઊંડા જીવલેણ ખાડા!

પિંગરવાડા ગામમાં આ માફિયાઓ જાણે પોતાના બાપની જાગીર હોય તેમ વર્તી રહ્યા છે. ૧૨૦ થી ૧૫૦ ડમ્પર, ૧૬ હિટાચી અને ૨૦ થી વધુ જેસીબી મશીનો રાત-દિવસ જમીનનું સીનું ચીરી રહ્યા છે. લીઝની મંજૂરી કરતાં ૧૦ ગણું વધારે ગેરકાયદેસર ખોદકામ કરીને આખા વિસ્તારને સ્મશાન જેવો વેરવિખેર કરી નાખ્યો છે. હદ તો ત્યાં વટાવી દીધી કે પવિત્ર નર્મદા નદીના પટમાં કોઈપણ પરમિશન વગર ઘાતક બાજ મશીનો ઉતારીને ૨૦૦-૨૦૦ ફૂટ ઊંડા જીવલેણ ખાડા પાડી દેવાયા છે. ગાયો માટેની ગોચર જમીનો પણ આ ભૂખ્યા વરુઓ ચાવી ગયા છે! ઘનધારા ગામના એક જાગૃત ઉપસરપંચે આ માટી ચોરી અને પર્યાવરણના નિકંદન વિરુદ્ધ બરોડા કલેક્ટરથી લઈને સીએમઓ સુધી લેખિતમાં સજ્જડ પુરાવા આપ્યા, છતાં ગાંધીનગરનું આખું તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે!

**કરોડોની ટેક્સ ચોરી, ગોચરની જમીનોની સફાયો અને નર્મદાની કૂખ તોડતા 150 ડમ્પર; ધારાસભ્યનો પુત્ર ઋષિ પટેલ અને વહીવટદાર પાર્થ શાહ બન્યા આખા તાલુકાના અંડરવર્લ્ડ કિંગ!**

### બાપજી અને રાધે કૃષ્ણના નામે ખુલ્લી ખંડણી અને ઓવરલોડિંગનો આતંક

આ આખા ભ્રષ્ટાચારના નેટવર્કની વસૂલી પેટર્ન જાણીને ભલભલાના રુંવાડા ઊભા થઈ જાય તેમ છે:

હપ્તાખોર ઋષિ પટેલ: ધારાસભ્ય અક્ષય પટેલ અને તેના કાકાના દીકરા દીક્ષિત પટેલની આશરે ૧૨૦ જેટલી આઈવા ગાડીઓ રસ્તા પર કાળ બનીને દોડે છે. આ ગાડીઓ પર કોઈ પોલીસ કે આરટીઓ હાથ ન નાખે તે માટે તેના કાચ પર બાપજી અને રાધે કૃષ્ણ ના સિમ્બોલ લગાડવામાં આવ્યા છે. આ ગાડીઓ રોક્યા વગર સેફ પાસ કરાવવા માટે ધારાસભ્યનો પુત્ર ઋષિ પટેલ દર મહિને ગાડી દીઠ ૪૦,૦૦૦ રૂપિયાની કાળી વસૂલી (હપ્તો) ઉઘરાવે છે!

૨૨ ટનની રોયલ્ટી, માલ ૫૦ ટન: સરકારી કાગળ પર માત્ર ૨૨ ટનની રોયલ્ટી ભરીને ગાડીઓમાં ૫૦-૫૦ ટન માલ ઓવરલોડ ભરી આખા ગુજરાતના કરોડોના ખર્ચે બનેલા હાઈવે તોડી નાખવામાં આવી રહ્યા છે અને સરકારને સીધેસીધી કરોડોની ટેક્સ ચોરી પીરસાઈ રહી છે.

### 2012માં દેવામાં ડૂબેલા, 2026માં 33 કરોડની વ્હાઇટ ઇન્કમનો ચમત્કાર!

જે જનતાના મતોથી જીત્યા, તે જ જનતાની જમીનો અને કુદરતી સંસાધનો વેચીને આ નેતાઓ આજે અબજોપતિ થઈ ગયા છે. વર્ષ ૨૦૧૨ માં ચૂંટણી હાર્યા પછી અક્ષય પટેલે પોતાની તમામ મિલકતો વેચવી પડી હતી અને તેઓ દેવામાં ડૂબી ગયા હતા. પરંતુ આજે વર્ષ ૨૦૨૬ માં તેમની માત્ર વ્હાઈટ ઈન્કમ (White Income) જ ૩૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે! જો કાગળ પરની વ્હાઈટ ઈન્કમ આટલી હોય, તો ડમ્પરો અને ખંડણીમાંથી આવતું બ્લેક મની (કાળું નાણું) કેટલા કરોડોનું હશે?

આ કાળી કમાણી છુપાવવા માટે કરજણમાં વસાવાના નામે ૧ પેટ્રોલ પંપ અને બરોડાના પોશ એરિયા માંજલપુર વિસ્તારમાં બીજો નવો પેટ્રોલ પંપ ખરીદી લેવાયો છે. ધારાસભ્યના પુત્રએ ૩ થી ૪ કરોડની લક્ઝરી કારો વસાવી છે, જ્યારે ક્રિમિનલ ઘુઘા ભરવાડે કરોડોના બંગલા બનાવી લીધા છે. પોતે કાયદાની પકડમાં ન આવે તે માટે અક્ષય પટેલે કરણ ગામના જયદત અને મોસિન પઠાણ જેવા ડમી માણસોના નામે બેનામી મિલકતોનો પહાડ ખડકી દીધો છે.

### ઓલ ઇન વન વહીવટદાર: પાર્થ શાહની સુપર સિન્ડિકેટ!

કરજણ તાલુકામાં માત્ર રેતી કે માટી ચોરી જ નહીં, પણ તમામ ગેરકાયદેસર ધંધા એક જ હબ નીચે ચાલે છે. કરજણમાં દારૂ, જુગાર, આરએમડી અને પીડબલ્યુડી ના સરકારી કોન્ટ્રાક્ટ સહિત તાલુકાના તમામ સરકારી કામોમાંથી ૧% ફિક્સ કમિશન ઉઘરાવવાનું કામ અક્ષય પટેલનો મેઈન વહીવટદાર પાર્થ શાહ કરે છે. કરજણ તાલુકામાં કોઈપણ કાળો ધંધો કરવો હોય કે રેતી-માટી ખનનની ગેરકાયદેસર મંજૂરી લેવી હોય, તો પાર્થ શાહની ઓફિસે લાઈન લગાવવી પડે છે. આખા તાલુકાના પાપની કમાણી આ વહીવટદાર મારફતે જ ઉપર સુધી પહોંચાડવામાં આવે છે.

### લાંચિયા અધિકારીઓ અને ખાખીની કાયરતા

આ કૌભાંડ આટલું બેફામ કેમ ચાલે છે? કારણ કે રક્ષક જ ભક્ષક બનીને બેઠા છે!

એસડીએમ શિવમ બારીયા: લાંચના કરોડો રૂપિયા ખિસ્સામાં મૂકીને પોતાની તમામ નૈતિક અને કાયદાકીય જવાબદારી ભૂલી ગયા છે. જનતા જ્યારે સવાલ પૂછે છે ત્યારે આ સાહેબ શરમ વગર એવું બહાનું કાઢે છે કે, 'મારી પાસે સ્ટાફ નથી, હું શું કરું!'

ખાણ ખનીજ વિભાગ (ફ્લાઈંગ સ્ક્વોડ) ના ચાવડા: કાળી કમાણીના મોટો હપ્તો ટાઈમસર ખિસ્સામાં પહોંચી ગયા બાદ હવે તેઓ જનતા કે મીડિયાના ફોન ઉપાડવાની પણ હિંમત કરતા નથી.

ટ્રાફિક પોલીસની લાળચ: કરજણ તાલુકા ટ્રાફિક પોલીસ દ્વારા આજ દિન સુધી અક્ષય પટેલની કે ગોકુલ ભરવાડની એક પણ ઓવરલોડ ગાડી પકડવાની હિંમત કરાઈ નથી. બરોડા જિલ્લાના ટ્રાફિક પીઆઈ ને દર મહિને ૨.૨૫ લાખ રૂપિયાનો ફિક્સ હપ્તો કરજણ તાલુકામાંથી પહોંચાડવામાં આવે છે! આ હપ્તો ઉઘરાવવાનું મેઈન કલેક્શન કામ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતો દેવીદાસ નામનો વહીવટદાર કરે છે. જેનો એક જ આદેશ છે - ધારાસભ્ય અને ઘુઘાની આઈવા ગાડીઓ સામે ક્યારેય જોવું પણ નહીં!

### પાક્કો ગુજરાત ન્યૂઝનો લલકાર: જનતા હવે સીએમ ઓફિસ ઘેરશે!

આ ભ્રષ્ટ અને માફિયા ટોળકી સીધેસીધી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઝીરો ટોલરન્સની નીતિ અને સરકારની પ્રતિષ્ઠાને ખુલ્લો પડકાર ફેંકી રહી છે. આવા ભ્રષ્ટ ધારાસભ્યએ ભાજપમાં આવ્યા પછી પક્ષને કોઈ ફાયદો નથી કરાવ્યો, ઉલટાનું ભાજપની આખી છબી ખરડીને પક્ષને મોટું નુકસાન પહોંચાડ્યું છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ કરજણની લડાયક જનતાને આહવાન કરે છે કે, પોતાની ધરતી, ગૌચર અને નર્મદા મૈયાને બચાવવા માટે ગાંધીનગર કૂચ કરો અને સીએમ ઓફિસનો ઘેરાવ કરો.

અમે સરકારને સખત શબ્દોમાં ચેતવણી આપીએ છીએ કે જો અક્ષય પટેલ, ઋષિ પટેલ, પાર્થ શાહ અને ઘુઘા ભરવાડ જેવા ભૂમાફિયાઓ પર તાત્કાલિક બુલડોઝર નહીં ફરે અને તેમને જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે, તો પાક્કો ગુજરાત ન્યૂઝ જનતા વતી હાઈકોર્ટમાં ગ્રીન પિટિશન ઠોકશે અને આ આખી ભ્રષ્ટ મંડળીના વસ્ત્રો ઉતારીને જ જંપશે!




**2012માં કંગાળ, 2026માં અબજોપતિ! ગાડી દીઠ 40 હજારની કાળી વસૂલી અને ટ્રાફિક પીઆઈના 2.25 લાખના હપ્તાખોરીના સનસનાટીપૂર્ણ પુરાવા: સીએમ સાહેબ, જો આ ભ્રષ્ટ ટોળકી જેલના સળિયા પાછળ નહીં જાય તો જનતા ગાંધીનગર ઘેરશે!**

મુખ્યમંત્રી સાહેબ, આ ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ સખત એક્શન લેવાશે કે પછી તમારી સરકાર પણ આ વોશિંગ મશીનના નેતાઓ સામે ઘૂંટણ ટેકી દેશે? કરજણની જનતા જવાબ માંગે છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ રાઠોડે ફરીવાર લખણ ઝળકાવ્યા, PDPU રોડ પર લક્ઝુરિયસ કારોથી જોખમી રેસ લગાવતા પોલીસે દબોચ્યો

ગાંધીનગર


ગાંધીનગરના સૌથી પોશ અને હાઈપ્રોફાઈલ ગણાતા પીડીપીયુ (PDPU) કોલેજ રોડ પર મધ્યરાત્રિએ લક્ઝુરિયસ કારો સાથે જોખમી રેસ લગાવવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનામાં કુખ્યાત કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ રાઠોડે ફરી એકવાર કાયદો હાથમાં લીધો છે. જો કે, ગાંધીનગર પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને આ જોખમી સ્ટંટબાજી કરનાર આદિત્યસિંહની ધરપકડ કરી લીધી છે.

પોલીસ રેકોર્ડ અને તપાસમાં સામે આવ્યું છે કે આરોપી આદિત્યસિંહ રાઠોડ અગાઉ પણ અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો રહ્યો છે. માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં તેને એક પછી એક ત્રણ મોટા ગુનાઓ આચર્યા છે. અવારનવાર જેલના સળિયા પાછળ જવા છતાં તે સુધરવાનું નામ લેતો નથી અને અસામાજિક તત્વોની જેમ રસ્તા પર લોકોના જીવ જોખમમાં મૂકે છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલે અડધી રાત્રિના સમયે આદિત્યસિંહ અને તેના સાથીદારો મોંઘીદાટ લક્ઝુરિયસ કારો લઈને પીડીપીયુ રોડ પર એકઠા થયા હતા. પૂરપાટ ઝડપે કાર દોડાવીને તેઓ જાહેર રોડ પર જોખમી રેસ લગાવી રહ્યા હતા અને ફિલ્મી ઢબે વળાંકો લઈને સ્ટંટ કરી રહ્યા હતા. આ અકસ્માત સર્જી શકે તેવા જોખમી ખેલની માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ગંભીર બાબત એ છે કે આ વિસ્તારમાં અગાઉ પણ આવા સ્ટંટના કારણે અકસ્માતો સર્જાયા છે. પોલીસે ઘટનાસ્થળેથી જોખમી ડ્રાઈવિંગ કરવા બદલ આદિત્યસિંહ રાઠોડની અટકાયત કરી છે અને તેની લક્ઝુરિયસ કાર પણ જપ્ત કરવાની તજવીજ હાથ ધરી છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી છે, જેથી આવા નબીરાઓ પર કાયદાનો ધાક બેસી શકે.

ગુજરાત સરકારે એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો

# ઝૂમ બરાબર ઝૂમ શરાબી! : ગિફ્ટ સિટીમાં દારૂ પરનો વેટ 65%થી ઘટાડી 25% કરાયો



■ આ આંતરિક કાયદાકીય સુધારા પાછળ રાજ્ય સરકાર દ્વારા હોસ્ટ થનારી 2030ની કોમનવેલ્થ ગેમ્સ પણ એક મોટું કારણ

અમદાવાદ

ગાંધીનગર સ્થિત ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટી(GIFT City)ને વૈશ્વિક કક્ષાનું બિઝનેસ અને લાઇફસ્ટાઇલ ડેસ્ટિનેશન બનાવવા માટે ગુજરાત સરકારે એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે બે અલગ-અલગ જાહેરનામા બહાર પાડીને ગિફ્ટ સિટીમાં પીરસાતા વિદેશી દારૂ પરના વેલ્યુ એડેડ ટેક્સ(VAT)ને 65%થી ઘટાડીને સીધો 25% કરી દીધો છે. આ સાથે જ, અત્યાર સુધી 30 મિલી આલ્કોહોલના સર્વિંગ પર વસૂલાતી આશરે 240 રૂપિયાની સ્પેશિયલ ફીને પણ સંપૂર્ણપણે નાબૂદ કરી દેવામાં આવી છે. સરકારના આ પગલાથી ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂની કિંમતોમાં મોટો ઘટાડો થશે.

વહીવટી તંત્રના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પેશિયલ ફી નાબૂદ કરીને અને વેટમાં ભારે ઘટાડો કરીને રાજ્ય સરકાર ગિફ્ટ સિટીમાં અન્ય મોટા મેટ્રો શહેરો જેવી જ કિંમતો લાવવા માંગે છે. આ સુધારા પાછળનો હેતુ અહીં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિભાઓને આકર્ષવાનો છે. વરિષ્ઠ અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે અગાઉની કર વ્યવસ્થાને કારણે ફિનટેક હબમાં ડ્રિંક્સ અન્ય ભારતીય મેટ્રો શહેરો કરતાં ઘણા વધારે મોંઘા પડતા હતા. જે એક મોટી વિસંગતતા હતી. આ ટેક્સ ઘટાડાની વાસ્તવિક અસર સમજવા માટેની ગણતરી ખૂબ જ ચોંકાવનારી છે. અગાઉ ગિફ્ટ સિટીની વાઈન-એન્ડ-ડાઈન ફેસિલિટીમાં જે વિદેશી દારૂના ડ્રિંકની મેનૂ પ્રાઈઝ 100 રૂપિયા હતી, તેના પર 240 રૂપિયા સ્પેશિયલ ફી અને 65% વેટ લેખેના 221 રૂપિયા ઉમેરાતા ગ્રાહકને તે ડ્રિંક 561 રૂપિયામાં પડતું હતું.

સરકારના નવા સુધારા બાદ હવે આ 100 રૂપિયાનું ડ્રિંક માત્ર 125 રૂપિયામાં મળશે. એ જ રીતે, જે પ્રીમિયમ ડ્રિંકની મેનૂ પ્રાઈઝ 1000 રૂપિયા હતી, તે અગાઉ 240 રૂપિયાની ફી અને ચક્રવૃદ્ધિ વેટના કારણે 2046 રૂપિયામાં પડતી હતી, જે હવે ઘટીને માત્ર 1250 રૂપિયા થઈ જશે.

આ આંતરિક કાયદાકીય સુધારા પાછળ રાજ્ય સરકાર દ્વારા હોસ્ટ થનારી 2030ની કોમનવેલ્થ ગેમ્સ પણ એક મોટું કારણ છે. આ પ્રસ્તાવિત ગેમ્સના કેટલાક વેન્યુ ગિફ્ટ સિટીની નજીક હોવાથી અને વિદેશી મહેમાનો-ખેલાડીઓ જ્યાં રોકાવાના છે તે ઝોનમાં પણ ભવિષ્યમાં આવી જ લિબરલ લિકર પોલિસી લાગુ કરવાની ગણતરી હોવાથી સરકારે આ મોટો નિર્ણય લીધો છે.

# મર્ડરના ગુનામાં મહેસાણા પોલીસની મોટી સફળતા, વિજાપુર પોલીસ અને LCBએ સંયુક્ત કામગીરી કરી ગણતરીના કલાકોમાં આરોપીને દબોચ્યો

મહેસાણા

મહેસાણા જિલ્લાના વિજાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં જ એક સનસનાટીભર્યો મર્ડર (હત્યા) નો ગુનો પ્રકાશમાં આવ્યો હતો. આ ગંભીર ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. જો કે, મહેસાણા પોલીસે ગુનેગારો પર ધાક બેસાડતા આ મામલાનો ભેદ ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મહેસાણા જિલ્લા પોલીસ વડાની સૂચના હેઠળ વિજાપુર પોલીસ સ્ટેશનની ટીમ તથા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB), મહેસાણાની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી હતી. બંને ટીમોએ સંયુક્ત રીતે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સનો સચોટ ઉપયોગ કરીને કલાકોની અંદર જ હત્યા કરનાર મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. ગુનો આચરીને ભાગી છૂટવાની ફિરાકમાં રહેલા આરોપીને પોલીસે ફિલ્મી ઢબે કોર્ડન કરીને દબોચી લીધો હતો.

રીતે આવા ગંભીર ગુનાઓમાં આરોપીઓ નાસી છૂટતા હોય છે, પરંતુ વિજાપુર પોલીસ અને એલ.સી.બી.ની સજાગતા અને ત્વરિત કામગીરીને કારણે આખો મામલો ગણતરીના કલાકોમાં જ આટોપી લેવાયો છે અને આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયો છે.

હાલમાં વિજાપુર પોલીસે આરોપીની અટકાયત કરીને ગુના પાછળનું ચોક્કસ કારણ અને અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં આગળની કાયદેસરની કાર્યવાહી અને પૂછપરછ હાથ ધરી છે. પોલીસની આ ત્વરિત કામગીરીને પગલે સ્થાનિક જનતાએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# ગુજરાતમાં દારૂ બંધીની પોલ ખોલતા ઉચ્ચ અધિકારીઓ..!

## પ્રવેશ મહોત્સવમાં આવેલ અધિકારી એ આદિવાસી વિસ્તારમાં દારૂ સવારથી પીવાય છે તેઓ ઘટસ્ફોટ કર્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના સેંગપુર ગામે માધ્યમીક શાળા માં પ્રવેશ મહોત્સવ માં આવેલ ડૉ. ગંગાચરણ સિંહ ડેપ્યુટી કોન્સવરવેટર ઓફ ફોરેસ્ટ રિસર્ચ ડિવિઝન ગાંધીનગર એ પ્રવેશ મહોત્સવ ના પ્રવચન માં છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી વસ્તી ધરાવતો બોર્ડર નો વિસ્તાર માં લોકો (વાલીઓ ) સવાર માં ચા પીવાની જગ્યા એ દારૂ પીવે છે અને નાસ્તો કરવાની જગ્યા એ દારૂ પીવા સાથે કશું ખાતા નથી જેના લીધે વિદ્યાર્થીઓ ને આવા વાલીઓને પિતા નહીં કહેવા તેવું મંચ ઉપર થી નિવેધન કરતા ખળભળાટ મચી ગયો છે સાથે સરકાર ની પોલ



ખોલતા કુપોષિત બાળકોને શોધીને બતાવ્યા હતા અને કુપોષિત બાળકોને સારું ખોરાક આપવા માટે વાલીઓને સૂચન કર્યુ હતું.

મહા ટ્રાફિક જામ છતાં પોલીસની ગેરહાજરી

# કલોલ નજીક પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને થયો ટ્રાફિક જામનો કડવો અનુભવ

કલોલ

અમદાવાદ-મહેસાણા હાઈવે પર કલોલ નજીક આવેલી સઈઝ ગુરુકુળ પાસે મુખ્ય ડ્રેનેજ લાઈનનું સમારકામ ચાલી રહ્યું હોવાથી આજે (24 જૂન) વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. રસ્તાના ડાયવર્ઝન અને સાંકડા માર્ગને કારણે સવારથી જ વાહનોની ગતિ થંભી ગઈ હતી, જેના લીધે સઈઝ ગુરુકુળથી લઈને શેરથા સુધી કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. આ ચિક્કાર જામમાં હજારો સામાન્ય નાગરિકો પોતાના વાહનો સાથે કલાકો સુધી અટવાઈ પડ્યા હતા અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ મહા ટ્રાફિક જામમાં રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ગાડી પણ



ફસાઈ ગઈ હતી. અન્ય નાગરિકોની જેમ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયા બાદ તેમણે નોંધ્યું કે, આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં હાઈવે પર વાહનોનું સંચાલન કરવા માટે એક પણ ટ્રાફિક પોલીસ જવાન હાજર ન હતો. રસ્તા પર પોલીસની આ પ્રકારની ઘોર ગેરહાજરી અને વહીવટી અવ્યવસ્થા જોઈને પૂર્વ નાયબ મુખ્યમંત્રી અકળાઈ ગયા હતા.

ટ્રાફિકમાંથી માંડ-માંડ બહાર નીકળ્યા પછી નીતિન પટેલ સીધા જ કલોલ નાયબ પોલીસ અધિક્ષક (DySP)ની કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં ઉચ્ચ અધિકારીઓની ગેરહાજરી વચ્ચે તેમણે હાજર પોલીસ સ્ટાફનો બરાબરનો ઉધડો લીધો હતો. તેમણે ઉગ્ર રોષ સાથે સવાલ કર્યો હતો કે, આટલી વિકટ સ્થિતિ છતાં પોલીસ કેમ નિષ્ક્રિય છે અને પ્રજાની હેરાનગતિ કેમ દેખાતી નથી? કચેરીની બહાર નીકળતી વખતે તેમણે વડાપ્રધાનના અભિયાનનો ઉલ્લેખ કરતા રોષે ભરાઈને કહ્યું કે,'મોદી સાહેબ એકતરફ પેટ્રોલ-ડીઝલ બચાવવાની બૂમો પાડે છે.

# બનાસકાંઠાની 11 વર્ષ જૂની જ્વેલર્સની ચોરીનો ભેદ મહેસાણા LCB એ ઉકેલ્યો, એક આરોપીની ધરપકડ

મહેસાણા

ગુનેગાર ગમે એટલો શાતિત હોય અને ગુનો ગમે એટલો જૂનો હોય, પણ કાયદાના લાંબા હાથથી બચી શકતો નથી. આવો જ એક કિસ્સો ઉત્તર ગુજરાતમાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં બનાસકાંઠા જિલ્લાના ભીલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજથી બરાબર ૧૧ વર્ષ પહેલાં થયેલી એક મોટી ઘરફોડ ચોરીનો ભેદ મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ઉકેલી નાખ્યો છે.

વર્ષ ૨૦૧૫માં બનાસકાંઠાના ભીલડી ખાતે એક જ્વેલર્સની દુકાનને નિશાન બનાવીને તસ્કરો સોના-ચાંદીના કિંમતી દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ભીલડી પોલીસ સ્ટેશનમાં આ અંગે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયો હતો, પરંતુ લાંબા સમયથી આ ગુનો 'અનડિટેક્ટ' (નાકામિયાબ તપાસ) રહ્યો હતો. મહેસાણા જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ પ્રોપર્ટી ઓફેન્સના વણઉકેલાયેલા ગુનાઓ શોધવા માટે કાર્યરત હતી.

આ દરમિયાન ટીમ પંથકમાં પેટ્રોલીંગ અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ ચલાવી રહી હતી, ત્યારે સ્ટાફના સભ્યોને આ ચોરી અંગે એક સચોટ અને મજબૂત બાતમી મળી હતી. બાતમીના આધારે મહેસાણા એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક વોચ ગોઠવીને આ ગુનામાં સંડોવાયેલા એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. આ કેસની ખાસ વાત એ છે કે ગુનો બનાસકાંઠા જિલ્લાનો હતો, પરંતુ મહેસાણા એલ.સી.બી.ની તીક્ષ્ણ નજર અને ટેકનિકલ ઈન્ટેલિજન્સના કારણે આ આખો મામલો ગણતરીના સમયમાં ઉકેલાઈ ગયો છે.

માસીનો દીકરો સંજય ઉર્ફે સ્વામી 7.61 લાખના મુદ્દામાલ સાથે ગિરફ્તાર

# આખડોલના બુટલેગર અનિલ ઉર્ફે કાંબલીનો લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

નડિયાદ

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે હાથ ધરેલી તપાસ દરમિયાન એક મોટી સફળતા મળી છે. નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કલોલી ગામે ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડીને રૂપિયા ૭,૬૧, ૫૯૨ ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.






મળતી વિગતો અનુસાર, આખડોલ ગામનો કુખ્યાત બુટલેગર અનિલ ઉર્ફે કાંબલી પુનમભાઈ પરમાર મોટા પાયે વિદેશી દારૂનો વેપાર કરી રહ્યો હતો. તેને પોલીસની નજરથી બચવા માટે કલોલી ગામે રહેતા પોતાના માસીના દીકરા સંજય ઉર્ફે સ્વામી પ્રભાતભાઈ બારૈયાના રહેણાંક મકાનની બાજુમાં આવેલા એક છાપરાનો ઉપયોગ કર્યો હતો. અનિલે આ છાપરામાં લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો છુપાવી રાખ્યો હતો.

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને આ દારૂના કટીંગ અને સંગ્રહ અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે કલોલી ગામે કથિત છાપરા પર ઓચંતો દરોડો પાડ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂપિયા ૭,૬૧,૫૯૨ નો વિદેશી દારૂનો મોટો જથ્થો શોધી કાઢ્યો હતો અને માસીના દીકરા સંજય ઉર્ફે સ્વામી બારૈયાને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી લાખોનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપી સંજય ઉર્ફે સ્વામીની અટકાયત કરી લીધી છે. જો કે, આ ગુનાનો મુખ્ય સૂત્રધાર અને આખડોલનો બુટલેગર અનિલ ઉર્ફે કાંબલી હજુ પોલીસ પકડથી દૂર છે, જેને વોન્ટેડ જાહેર કરીને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

આ મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લાના કાનાવાંટ ખાતે

# બાળમજૂરી કરાવતા એકમો પર જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા આકસ્મિક રેડ કરાઈ

■ કોન્ટ્રાક્ટ સંસ્થા હેઠળ બિન-જોખમી વ્યવસાય પ્રક્રિયામાં 6 તરુણ શ્રમિકો મળી આવતા સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝાa

છોટાઉદેપુર જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથાને નાબૂદ કરવાના માટે 'જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટી'ની રચના કરવામાં આવેલ છે. આ કમિટી દ્વારા છોટાઉદેપુર તાલુકાના કાનાવાંટ ગામ ખાતે બાળમજૂરી કરાવતા એકમો પર આકસ્મિક ટાસ્ક ફોર્સ રેડ કરવામાં આવી હતી.

આ આકસ્મિક રેડ દરમિયાન કોન્ટ્રાક્ટ સંસ્થા 'નરુભાઈ રતનભાઈ રાઠવા' દ્વારા બિન-જોખમી વ્યવસાય પ્રક્રિયામાં સામાન્ય જમીન પર સાફ-સફાઈનુ કામ કરતા ૬ તરુણ શ્રમિક મળી અવેલ છે. જેની ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પૂછપરછ દરમિયાન 'તરુણ શ્રમિક' હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું.

આ બાબતને ધ્યાને લઈ કામે રાખનાર સંસ્થા અને શ્રમિકોના નિવેદનો મેળવીને 'બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬' હેઠળ સંસ્થા વિરુદ્ધ નિયમોનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ સમગ્ર કામગીરીમાં મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, છોટાઉદેપુર તરફથી સરકારી શ્રમ અધિકારીશ્રી એ. ડી. સેંતા અને છોટાઉદેપુર ચાઈલ્ડ લાઈનમાંથી સુપરવાઈઝરશ્રી એન. આર. રાઠવા તથા પોલીસ સ્ટેશન છોટાઉદેપુર તરફથી શ્રી દિલીપજી પ્રેમજી જોડાયેલ હતા.અને નિયમોનુસાર સંસ્થા સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પૂર્વ કાઉન્સિલર ભાનું ભરવાડે મીડિયા સમક્ષ ઠાલવી આપવીતી, જાણીતા બિલ્ડર સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરવા રજૂઆત

નડિયાદ

નડિયાદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ભાનું ભરવાડ મીડિયા સમક્ષ આવ્યા છે અને પોતાની સામે થયેલી પોલીસ ફરિયાદને લઈને મોટો ખુલાસો કર્યો છે. ભાનું ભરવાડના જણાવ્યા અનુસાર, તાજેતરમાં તેમની વિરુદ્ધ જે પોલીસ ફરિયાદ નોંધાઈ છે તે સંપૂર્ણપણે ખોટી અને પાયાવિહોણી છે. પૂર્વ કાઉન્સિલર ભાનું ભરવાડે આક્ષેપ કર્યો છે કે શહેરના એક જાણીતા બિલ્ડર દ્વારા તેમની જમીન પર ગેરકાયદેસર રીતે કબ્જો મેળવવા માટે આ ખોટી ફરિયાદ ઊભી કરવામાં આવી છે. બિલ્ડરની સાઈટની બિલકુલ બાજુમાં જ પૂર્વ કાઉન્સિલરની કિંમતી જમીન આવેલી છે, જેના પર બિલ્ડરે દબાણ કર્યું હોવાનો દાવો પણ તેમને કર્યો છે. બિલ્ડરના દબાણ અને કથિત જોહુકમી સામે પૂર્વ કાઉન્સિલરે હવે કાયદાકીય લડત શરૂ કરી છે. તેમને આ મામલે નડિયાદ જિલ્લા પોલીસ વડા (SP), જિલ્લા કલેક્ટર અને રાજ્યના ગૃહ મંત્રી સુધી લેખિતમાં રજૂઆત પહોંચાડી છે. ભાનું ભરવાડે મીડિયા સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ અન્યાય સામે ઝૂકશે નહીં. આગામી દિવસોમાં તે સંબંધિત બિલ્ડર વિરુદ્ધ કાયદેસરની લેન્ડ ગ્રેબિંગ (જમીન પચાવી પાડવા વિરોધી કાયદો) હેઠળ ગુનો દાખલ કરાવવા માટે મક્કમ પગલે આગળ વધી રહ્યા છે.

# છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ઝોઝ ગામે વિના મૂલ્યે હેલ્મેટનું વિતરણ કરાયું

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

માર્ગ સુરક્ષા અંતર્ગત તેમજ ટ્રાફિક જાગૃતિના ભાગરૂપે ઝોઝ ગામ ખાતે છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વિના મુલ્યે હેલ્મેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન દ્વિચક્રી વાહનચાલકોને હેલ્મેટ પહેરવાના મહત્વ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક શાખાના પીએસઆઈ એ.ડી. ચૌહાણ તથા ટ્રાફિક પોલીસનો સંપૂર્ણ સ્ટાફ હાજર રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતોમાં માથાની ગંભીર ઈજાઓથી બચવા માટે હેલ્મેટનો ઉપયોગ અનિવાર્ય છે અને દરેક વાહનચાલકે પોતાની તથા પરિવારની સુરક્ષા માટે હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવવું જોઈએ.



કાર્યક્રમ દરમિયાન અનેક વાહનચાલકોને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ટ્રાફિક નિયમોના પાલન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રામજનોએ પણ આ અભિયાનને આવકારી ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

'હેલ્મેટ પહેરો - સુરક્ષિત રહો, પરિવારને સુરક્ષિત રાખો' ના સંદેશ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

અનેક વખત મહાનગરપાલિકામાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી

# સુરત પાલિકાની DKM હોસ્પિટલ પાસે 15 દિવસથી ઉકરડો યથાવત...! : સ્થાનિકોમાં રોગચાળાની ભીતિ



ગીર સોમનાથ

દેશના સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત આગવું સ્થાન મેળવનારા સુરત શહેરમાં જ કેટલીક જગ્યાએ સ્વચ્છતા વ્યવસ્થાની વાસ્તવિકતા ચિંતાજનક બની રહી છે. શહેરના સેન્ટ્રલ ઝોન હેઠળના સલાબતપુરા વિસ્તારમાં આવેલી પાલિકાની ડીકેએમ હોસ્પિટલ નજીક છેલ્લા આશરે 15 દિવસથી રસ્તા પર કચરાનો ઉકરડો પડ્યો હોવાથી સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ અંગે અનેક વખત મહાનગરપાલિકામાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની સેવા પણ નિયમિત ન મળતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. પરિણામે જાહેર માર્ગ પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે અને આસપાસના વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે.

ચોમાસાની ઋતુ નજીક આવતાં મચ્છરજન્ય અને ચેપી રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ સ્થાનિકોએ વ્યક્ત કરી છે. જોકે, માત્ર પાલિકા તંત્રને જ જવાબદાર ઠેરવવા સાથે કેટલાક વિસ્તારોમાં લોકો દ્વારા પણ જાહેર સ્થળોએ કચરો ફેંકવાની વૃત્તિને કારણે સ્થિતિ વધુ ગંભીર બની રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 25 જૂન 2026 | અમદાવાદ

જંગલેશ્વર ડિમોલિશનમાં 'કાજુ કતરી' કોણ ઝાપટી ગયું?

# ખાણીપીણીનું રૂા. 27.20 લાખનું બિલ જોઈ મનપાના સ્ટેન્ડિંગ ચેરમેન પણ ચોંક્યા, બેઠકમાં ગ્રીન અર્બન પોલિસી સહિત 6 દરખાસ્ત ના-મંજૂર

રાજકોટ

રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં આજે કુલ ૯ દરખાસ્ત મુકવામાં આવી હતી જે પૈકી એક દરખાસ્ત ના મંજુર કરી બે દરખાસ પેન્ડિંગ રાખવા નિર્ણય કરાયો છે જેમાં જંગલેશ્વર વિસ્તારમાં થયેલ ડિમોલિશન કામગીરી દરમિયાન ખાણીપીણીનું રૂપિયા 27.20 લાખના બિલમાં કૌભાંડની આશંકાએ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે જયારે ડ્રોન મારફત મચ્છરોનો નાશ કરવાની દરખાસ્ત પણ પેન્ડિંગ રાખવામાં આવી છે.

આ સાથે મનપામાં પારદર્શક વહીવટ માટે કોઈ પણ કાર્યક્રમના બિલ કાર્યક્રમ પૂર્ણ થયાના બે મહિનામાં જ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરી દેવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે અને તેમાં જો નિયત સમયમર્યાદા વીત્યા બાદ રજૂ કરાયેલા કોઈપણ બિલને નાણાકીય ગેરશિસ્ત ગણીને સ્વીકારવામાં આવશે નહીં અને તેનું ચૂકવણું મંજૂર કરાશે નહીં એવો કડક નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મનપા ખાતે મળેલી આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ ૯ દરખાસ્તો મુકવામાં આવી હતી જે પૈકી એક દરખાસ્ત નામંજુર કરી બે દરખાસ્ત પેન્ડિંગ રાખી બાકીની છ દરખાસ્ત મંજુર કરવામાં આવી છે. ગ્રીન અર્બન પોલિસી નામંજુર કરવામાં આવી છે.

બે દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી તેમાં એક દરખાસ્ત રાજકોટમાં મચ્છરો ઉપદ્રવ પર દવા છટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરી મચ્છરોનો નાશ કરવા માટે રૂપિયા 85 લાખના ખર્ચ સાથે દરખાસ્ત પેન્ડિંગ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજકોટના સૌથી મોટા જંગલેશ્વર મેગા ડિમોલિશનમાં ખાણી-પીણી માટે કુલ રૂપિયા 27.20 લાખ રૂપિયાનું બિલ મુકવામાં આવ્યું હતું જે બિલમાં કૌભાંડની આશંકા પગલે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ બિલને અટકાવી દેવામાં આવ્યું છે.

આ બિલની અંદર કાજુ કતરી, ખજૂર રોલ જેવી મીઠાઈનું રૂપિયા 34,650 બિલ મુકવામાં આવ્યું છે. જોકે, ડિમોલિશન દરમિયાન કાજુકતરી અને ખજૂર રોલ જેવી મીઠાઈ આરોગી કોને એ પણ સૌથી મોટો સવાલ છે ત્યારે આ સમગ્ર 27.20 લાખના બિલની દરખાસ્ત હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે.

રાજકોટ મનપાની સ્થાયી સમિતિ દ્વારા વહીવટી સુગમતા અને નાણાકીય પારદર્શિતા લાવવા માટે કડક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.



મચ્છરો ઉપદ્રવ પર દવા છટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરી મચ્છરોનો નાશ કરવા માટે રૂપિયા 85 લાખના ખર્ચ સાથે દરખાસ્ત પેન્ડિંગ રાખવા નિર્ણય કરવામાં આવ્યો

સુરેન્દ્રનગર જિલ્લાના મીઠા ઉદ્યોગના મોટા સેન્ટર એવા

# ખારાઘોડા રેલવે સ્ટેશનની રૂા.13.84 કરોડના ખર્ચે RCC રોડની સુવિધાઓ સાથે કાયાપલટ થશે

સુરેન્દ્રનગર

દર વર્ષે રેલવેને રૂ. 110 કરોડની રેલવેનૂરની આવક રળી આપતા સુરેન્દ્રનગર જિલ્લાના મીઠા ઉદ્યોગના મોટા સેન્ટર એવા ખારાઘોડા રેલવે સ્ટેશનની રૂ. 13.84 કરોડના ખર્ચે સીસીરોડની સુવિધાઓ સાથે કાયાપલટ થશે. જેમાં દરેક પ્લેટફોર્મ સીસીરોડની સુવિધાઓ સાથે, લોડીંગ સાઈડ પર લાઈટના 35 થાંભલાઓ સાથે મીઠાના વેપારીઓ માટે અધ્યતન રૂમ અને મીઠા મજૂરો માટે શેડ સહીતની સુવિધાઓ આપવામાં આવશે. મીઠાં વગર ભોજનમાં સ્વાદની કલ્પના કરવી અઘરી છે. દેશના કુલ 3 કરોડ મે.ટન મીઠાના ઉત્પાદનમાંથી અંદાજે 75% એટલે કે 2.25 કરોડ મે.ટન મીઠું ગુજરાતમાં પાકે છે. એમાંથી 35% મીઠું તો એકમાત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા કચ્છના નાના રણમાં પાકે છે.

આ મીઠું ખારાઘોડાથી ટ્રકો મારફત સમગ્ર ગુજરાતમાં અને છેક પરપ્રાંતમાં નિકાસ થાય છે. જ્યારે ખારાઘોડાથી રેલવે વેગનો દ્વારા આ મીઠું ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, વેસ્ટ બંગાલ, ત્રિપુરા અને છેક નેપાળ સુધી મોટા પાયે નિકાસ થાય છે. મીઠા ઉદ્યોગના મોટા સેન્ટર એવા ખારાઘોડા રેલવે સ્ટેશનની કાયાપલટ થશે. દરેક પ્લેટફોર્મમાં સીસીરોડ, લોડીંગ સાઈડ પર લાઈટના 35 થાંભલાઓ, મીઠાના વેપારીઓ માટે અધ્યતન રૂમ, મજૂરો માટે શેડ સહીતની સુવિધાઓ હશે. શેડમાં શૌચાલય અને પીવાના પાણીની પણ વ્યવસ્થા કરાશે. ખારાઘોડા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં- 1 અને 3 પર રેલવેમાં મીઠાની લોડીંગની સુવિધા માટે એક કિમી લાંબો અને 15 મીટર પહોળો સીસીરોડ બનશે, જેથી ચોમાસામાં વરસાદની સીઝનમાં મીઠાના લોડીંગમાં કોઈ અવરોધ ન આવે. હાલમાં આ પ્રોજેક્ટનું 48% કામ પૂર્ણ થઇ ગયું છે, અને આગામી દિવસોમાં આ પ્રોજેક્ટ પુરો થયા બાદ ગુજરાતના ગૌરવ સમા મીઠા ઉદ્યોગ માટે વર્ષો બાદ સોનાનો સૂરજ ઉગશે.



પેપરલીક, શિક્ષણ, બેરોજગારી મુદ્દે

# કોંગ્રેસનો સરકાર સામે મોરચો : "છાત્ર ગુંજ" કાર્યક્રમ દ્વારા જનઆંદોલન ઉભું કરાશે

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિએ જિલ્લા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. આ પરિષદમાં રાજ્યભરમાં યોજાનાર 'છાત્ર ગુંજ' કાર્યક્રમને સફળ બનાવવા અને તેના દ્વારા વિદ્યાર્થીઓ તથા જનતાને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ ઉઠાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પત્રકાર પરિષદને સંબોધતા જિલ્લા કોંગ્રેસ પ્રભારી મનહર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થાનું વેપારીકરણ થઈ રહ્યું છે, જેના કારણે વાલીઓ પાસેથી શિક્ષણના નામે લૂંટ ચલાવવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વારંવાર થતા પેપરલીક અને પરીક્ષા કૌભાંડો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. કોંગ્રેસ પક્ષ 'છાત્ર ગુંજ' કાર્યક્રમ હેઠળ આવા પ્રશ્નોને રાજ્યવ્યાપી સ્તરે ઉઠાવશે. પટેલે વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ માત્ર વિદ્યાર્થીઓના જ નહીં, પરંતુ ખેડૂતોની સમસ્યાઓ, વધતી મોંઘવારી, બેરોજગારી, સરકારી તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર અને રાજ્યમાં વધી રહેલા દારૂ-ડ્રગ્સના દૂષણ જેવા મુદ્દાઓ પર પણ જનઆંદોલન ઊભું કરશે. આગામી દિવસોમાં ભરૂચ જિલ્લાના સ્થાનિક પ્રશ્નો અંગે પણ જિલ્લા અને રાજ્ય કક્ષાના કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં કાર્યક્રમો અને જનજાગૃતિ અભિયાનો યોજાશે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાએ કવિઠા ગામમાં ચર્ચાસ્પદ બનેલા કથિત તાલિબાની ફરમાનના મુદ્દે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પક્ષ પીડિત પરિવારની સાથે મક્કમપણે ઊભો છે અને તેમને ન્યાય મળે તે માટે લડત આપશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સમાજમાં કોઈ પણ વ્યક્તિ કે પરિવાર સાથે અન્યાય થાય ત્યારે કોંગ્રેસ પક્ષ હંમેશા તેમની પડખે રહે છે. પત્રકાર પરિષદ દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ આગામી સમયમાં વિવિધ મુદ્દાઓ પર સંગઠનાત્મક કાર્યક્રમો યોજવા અને જનસમસ્યાઓને લઈને વધુ આક્રમક ભૂમિકા અપનાવવાના સંકેતો આપ્યા હતા.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા કોંગ્રેસ પ્રભારી મનહર પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદી, જિલ્લા પ્રવક્તા નાઝુ ફડવાળા, પાલિકા સભ્ય જીગ્નેશ બ્રહ્મભટ્ટ સહિત કોંગ્રેસના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપમાં આંતરિક મતભેદ સપાટી પર

# વેરાવળ નગરપાલિકાની પ્રથમ બોર્ડ બેઠકમાં હોબાળો : કોંગ્રેસની રજૂઆત વખતે રાષ્ટ્રગીત શરૂ કરી દેવામાં આવ્યું

વેરાવળ

ભાજપ શાસિત વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની નવી ટર્મના પ્રથમ જનરલ બોર્ડમાં જ રાજકીય વિવાદો, પ્રક્રિયાગત પ્રશ્નો અને ભાજપના આંતરિક અસંતોષે માહોલ ગરમાવ્યો હતો. નવા પ્રમુખ નરેશ ગોહેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ઉગ્ર વાકયુદ્ધ સર્જાયું, જ્યારે સમિતિઓની રચનાને લઈને ભાજપના સભ્યોમાં પણ અસહમતી સામે આવી હતી.



બોર્ડની કાર્યવાહી દરમિયાન કોંગ્રેસના નગરસેવક નરેશ ચાવડા સહિત વિપક્ષના સભ્યો શહેરના વિવિધ પ્રજાલક્ષી અને વહીવટી પ્રશ્નો અંગે પોતાની રજૂઆત કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ઈન્ચાર્જ સેક્રેટરી દ્વારા રાષ્ટ્રગીત શરૂ કરાવવામાં આવતા સભાખંડમાં હોબાળો મચ્યો હતો. કોંગ્રેસના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે તેમની રજૂઆત અને વિરોધના અવાજને દબાવવા માટે રાષ્ટ્રગીતનો આશરો લેવામાં આવ્યો હતો, જેના કારણે થોડા સમય માટે બેઠકનું વાતાવરણ તંગ બન્યું હતું.

આક્ષેપો બાદ પ્રમુખ નરેશ ગોહેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આ તેમનું પ્રથમ જનરલ બોર્ડ હોવાથી સમગ્ર પ્રક્રિયાની તેમને જાણ નહોતી અને આ બાબત તેમના ધ્યાનમાં નહોતી. જોકે કોંગ્રેસે આ સ્પષ્ટતાને નકારી કાઢી તેને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

બેઠકમાં ગત જનરલ બોર્ડના અહેવાલને મંજૂરી આપવાનો મુદ્દો પણ વિવાદનું કારણ બન્યો હતો. કોંગ્રેસના સભ્યોએ દલીલ કરી હતી કે ગત બેઠકનો અહેવાલ અગાઉથી આપવામાં આવ્યો ન હોવાથી જરૂરી દસ્તાવેજો વિના મંજૂરી આપવી લોકશાહી પ્રક્રિયાની વિરુદ્ધ છે. જોકે ભાજપના 24 સભ્યોની બહુમતીના આધારે અહેવાલને મંજૂરી આપવામાં આવી હતી. કોંગ્રેસે બહુમતીના જોરે નિર્ણયો લાદવાની વૃત્તિ પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

સરભાણ પંચાયત ભવન બાંધકામમાં ગેરરીતિના આક્ષેપો

# કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવા આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખની ચીમકી

ભરૂચ, રંગુની જાકીર

આમોદ તાલુકાના સરભાણ ગામે અંદાજિત રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણાધીન ગ્રામ પંચાયત ભવનના બાંધકામમાં ગંભીર ગેરરીતિઓના આક્ષેપો થયા છે. આ મામલે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખે સંબંધિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે, જેના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરને કામ સોંપી દેતા ટેકનિકલ બેદરકારી સામે આવી છે.

જેમાં છાપકામ કર્યા વગર બીમ-કોલમ બાંધી દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બીમના સળિયા કાપીને ભ્રષ્ટાચારને છાવરવાનો પ્રયાસ કરાયો હોવાના પણ આક્ષેપો છે.

સરભાણ પંચાયત ભવનના બાંધકામ દરમિયાન યોગ્ય માપદંડો અને લાઇન-દોરી વિના બિમ-કોલમનું કામ થતા ગુણવત્તા પર પ્રશ્નો ઉભા થયા હતા. ગામના જાગૃત નાગરિકો દ્વારા કામગીરીની ચકાસણી કરાતા બાંધકામમાં ખામીઓ જોવા મળી હતી. ત્યારબાદ કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરના મજૂરો પાસે કામ બંધ કરાવી ફરીથી નવા બીમ-કોલમ નાખવાની કાર્યવાહી હાથ ધરી હતી.

આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીએ આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, રૂ. ૨૫ લાખના ખર્ચે બનતા પંચાયત ભવનમાં પાયાના કામમાં જ ભ્રષ્ટાચાર થયો છે. કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરને કામ આપતા છાપકામ ખોટું થયું છે અને બીમ લાઇન-દોરી પર આવતા નથી. જો ભ્રષ્ટાચારથી ખદબદતું ભવન બનશે તો ભવિષ્યમાં પડી જશે. તેમણે કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી હતી અને જો તેમ નહીં થાય તો ઉપવાસ પર બેસવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

સરભાણ ગામના મહિલા સરપંચ શ્વેતાબેન પટેલે આ બાબતે જણાવ્યું હતું કે, ખોટા બીમ-કોલમ ભરાયા હોવા અંગે કોન્ટ્રાક્ટરને જાણ કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટરે પોતાની ભૂલ સ્વીકારી છે અને ખોટા બીમ ભરનાર મજૂરોને છૂટા કર્યા છે. હવે નવા બીમ ભરવામાં આવશે તેવી ખાતરી તેમણે આપી હતી.

મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ધ્રોલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા

# જામનગરના લતીપર પાસે બે કારની ટક્કરમાં 3નાં ઘટનાસ્થળે જ મોત : 6 ગંભીર રીતે ઇજાગ્રસ્ત

જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ નજીક બુધવારે ગોઝારો માર્ગ અકસ્માત સર્જાતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. બે કાર વચ્ચે થયેલી જોરદાર ટક્કરને કારણે અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ધ્રોલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા છ લોકોને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ અકસ્માત બે કાર વચ્ચે સામસામે અથડામણ થતાં સર્જાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી.





પોલીસે સમગ્ર ઘટનાની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે. મૃતકોની ઓળખ તેમજ અકસ્માત પાછળનું કારણ જાણવા તપાસ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું છે.

જાહેર જગ્યાઓ દબાણમુક્ત કરાઈ

# દૂધરેજમાં દબાણ હટાવ અભિયાન, 35 લારી-કેબિન દૂર : મહાનગરપાલિકાએ રૂા. 4,800નો દંડ વસૂલ્યો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા દુધરેજ વિસ્તારમાં દબાણ હટાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં જાહેર માર્ગો અને જગ્યાઓ પરથી 35 કેબિન અને લારીઓ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. દબાણકર્તાઓ પાસેથી 4,800નો દંડ પણ વસૂલવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત, અનધિકૃત રીતે ઉભા કરાયેલા 35 કેબિન અને લારીઓ, 12 કાપડના શેડ તેમજ 8 વજન કાંટા જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી શહેરની જાહેર જગ્યાઓ અને માર્ગોને દબાણમુક્ત બનાવવાના હેતુથી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીનો મુખ્ય હેતુ શહેરમાં વાહનવ્યવહારને સરળ બનાવવાનો તેમજ સ્વચ્છ અને સુવ્યવસ્થિત વાતાવરણ જાળવવાનો છે. આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કાર્યવાહી સતત ચાલુ રહેશે. મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે, જાહેર માર્ગો અને જગ્યાઓ પર કોઈપણ પ્રકારનું અનધિકૃત દબાણ ન કરે.





# સહકારી મંડળીઓનો મોબાઈલ એપ આધારિત ખાતર વિતરણનો વિરોધ..!

મંડળીઓએ જૂની P.O.S. મશીન આધારિત પદ્ધતિ યથાવત રાખવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

ઇડર, જાકીર મેમણ

જૂની P.O.S. પદ્ધતિ યથાવત રાખવા સાબરકાંઠા કલેક્ટરને રજૂઆત સાબરકાંઠા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓએ ખાતર વિતરણ માટે અમલમાં મુકાયેલી નવી મોબાઈલ એપ્લિકેશન આધારિત વ્યવસ્થાનો વિરોધ કર્યો છે. મંડળીઓએ જૂની P.O.S. મશીન આધારિત પદ્ધતિ યથાવત રાખવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે.આવેદનપત્રમાં જણાવાયું છે કે જિલ્લાના મોટાભાગના નાના અને સીમાંત ખેડૂતો પાસે સ્માર્ટ મોબાઈલ ઉપલબ્ધ નથી. આથી, તેમને એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. એક ખેડૂતને ખાતર મેળવવા માટે એપ ડાઉનલોડ કરવી, નોંધણી કરવી અને OTP સહિતની પ્રક્રિયા પૂર્ણ કરવી પડે છે, જે સામાન્ય ખેડૂતો માટે જટિલ અને સમય માંગી લે તેવી સાબિત થઈ રહી છે. વધુમાં, ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્કની અપૂરતી સુવિધાને કારણે પણ ખાતર વિતરણ પ્રક્રિયામાં વિલંબ થવાની શક્યતા છે. હાલના વરસાદી માહોલમાં ખાતરની માંગ વધતી હોવાથી નવી પદ્ધતિના કારણે ખેડૂતોને સમયસર ખાતર મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે.

# અંકલેશ્વરના જીતાલીના તલાટીનો કથિત ઓડિયો વાયરલ, અરજદારને ધમકી અને અભદ્ર ટિપ્પણી કર્યાના આક્ષેપ કરાયા

આ મામલે કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે, અને અરજદારે આ અંગે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી કડક પગલાં લેવાની માંગ કરી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગ્રામપંચાયતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીંના તલાટી કમ મંત્રીએ એક ગ્રામજનને ફોન પર ધમકી આપી હોવાનો અને ચોક્કસ કોમ અંગે અભદ્ર ટિપ્પણી કરી હોવાનો ગંભીર આક્ષેપ લાગ્યો છે. આ મામલે કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે, અને અરજદારે આ અંગે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી કડક પગલાં લેવાની માંગ કરી છે. જીતાલી ગામના રહેવાસી મોહંમદ ઝુબેર અહમદ પટેલે જીતાલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી મનોજ ચૌધરી સામે તાલુકા વિકાસ અધિકારીને ગંભીર આક્ષેપો કરતી એક લેખિત ફરિયાદ સોંપી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આ સમગ્ર વિવાદની શરૂઆત એક પ્રાથમિક સુવિધાની ફરિયાદથી થઈ હતી: અરજદારના વરિષ્ઠ નાગરિક કાકા ઐયુબ ગુલામ હુસેન પટેલના મકાન સામે આવેલી સ્ટ્રીટ લાઈટ છેલ્લા ચાર મહિનાથી બંધ હાલતમાં હતી. આ સમસ્યા અંગે ગ્રામ પંચાયત સમક્ષ અનેક વખત મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, તેમ છતાં તેનું કોઈ નિરાકરણ આવ્યું ન હતું.

અરજદારનો આક્ષેપ છે કે, વારંવારની રજૂઆતોથી નારાજ થઈને ગત તા. 18 જૂન 2026ના રોજ રાત્રે તલાટી કમ મંત્રી મનોજ ચૌધરીએ ફોન કરીને ગાળો આપી હતી અને ધાક-ધમકીઓ આપી હતી.

અરજદારે વધુમાં આરોપ લગાવ્યો છે કે તલાટીએ વાતચીત દરમિયાન વિવિધ ધર્મો અને જ્ઞાતિના લોકો વચ્ચે વર્ગવિગ્રહ (કોમી વૈમનસ્ય) સર્જાય તેવી આપત્તિજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો, જેનાથી તેમની ધાર્મિક લાગણીઓને ઊંડી ઠેસ પહોંચી છે.


અરજદાર મોહંમદ ઝુબેર પટેલે જણાવ્યું છે કે તલાટી સાથે ફોન પર થયેલી આ વિવાદાસ્પદ વાતચીતનું સંપૂર્ણ કોલ રેકોર્ડિંગ તેમની પાસે ઉપલબ્ધ છે. તેમણે આ પુરાવાને એક પેનડ્રાઈવ સ્વરૂપે તાલુકા વિકાસ અધિકારીને સુપ્રત કર્યો છે.

અરજદારે આ સમગ્ર મામલે તલાટી સામે તાત્કાલિક ધોરણે ખાતાકીય તપાસ શરૂ કરવાની માંગ કરી છે. તેમજ જો તપાસમાં તેઓ દોષિત ઠરે, તો તેમને સસ્પેન્ડ અને ડિસમિસ કરવા સહિતની તમામ કાયદેસરની કડક કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી છે. બીજી તરફ, આ ગંભીર આક્ષેપો અંગે જીતાલી ગ્રામ પંચાયતના તલાટી મનોજ ચૌધરીનો પક્ષ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ઉપલેટા નગરપાલિકા દ્વારા વોર્ડ નં.1માં રૂપિયા 6 કરોડના ખર્ચે રોડના કામોનું ખાતમુહૂર્ત કરાયું

ઉપલેટા, ભાવેશ ગોહિલ ઉપલેટા

અહીંના વોર્ડ નં. ૧ ના સેવાભાવી જાગૃત ૧૦૮ યુવા સુધરાઈ સભ્ય અજયભાઈ જાગાણી, અશ્વિનભાઈ લાડાણી, જગદીશભાઈ વિરમગામા અને વિજયભાઈ સોલંકી દ્વારા નગરપાલિકાના કાર્યદક્ષ મહિલા પ્રમુખ વર્ષાબેન ગજેરા ને રોડ બાબતે રજૂઆત કરેલ હતી તે રજૂઆતને ધ્યાનમાં લઇ તાત્કાલિક રૂપિયા છ કરોડના ખર્ચે જુદા જુદા રોડ ના કામો મંજૂર કરવામાં આવેલ હતા જેમાં આજે શારદાબેન લાડાણી માર્ગ ઉપર આવેલ શિવાલિક પાર્ક ના સીસી રોડનું શ્રીફળ વધારી મો મીઠા કરાવી ખાતમુહૂર્ત કરવામાં આવેલ આ તકે શહેર ભાજપ પ્રમુખ દીપકભાઈ સુવા મનોજભાઈ નંદાણીયા નિમિતભાઈ પાનસરા સહિત મોટી સંખ્યાના ભાઈ બહેનો યુવાનો હાજર રહ્યા હતા.




## તંત્રી લેખ...

# અંધકારને કોસવા કરતાં સકારાત્મકતાનો દીવો પ્રગટાવો: ખુદને શ્રેષ્ઠ બનાવવાનો અનોખો જીવનમંત્ર

આધુનિક યુગમાં માણસ ભૌતિક રીતે ઘણો આગળ નીકળી ગયો છે, પરંતુ માનસિક અને વૈચારિક રીતે તે ક્યાંકને ક્યાંક ઈર્ષ્યા, નકારાત્મકતા અને અસંતોષના અંધકારમાં ડૂબતો જાય છે. આવા સમયે હિન્દી સાહિત્યની આ અમૂલ્ય પંક્તિઓ આપણા જીવનનો સાચો રસ્તો બતાવે છે:

'અંધેરે કો હટાને મેં સમય બર્બાદ મત કરો, દીયે કો જલાને મેં સમય લગાઓ. દૂસરોં કો નીચા દિખાને મેં નહીં, બલ્કિ ખુદ કો ઊંચા ઉઠાને મેં સમય લગાઓ.'

આ વિચારોને જો આપણે વિસ્તારપૂર્વક સમજીએ, તો તેમાં જીવન જીવવાની અને સાચી સફળતા મેળવવાની બે અદભુત ચાવીઓ છુપાયેલી છે:



૧. નકારાત્મકતા સામે લડવા કરતાં સકારાત્મકતા તરફ ધ્યાન કેન્દ્રિત કરો

જ્યારે કોઈ રૂમમાં ઘનઘોર અંધારું હોય, ત્યારે તમે ગમે તેટલા પ્રયત્નો કરો, લાકડીઓ પછાડો કે ગુસ્સો કરો, અંધારું ત્યાંથી હટાવી શકાતું નથી. અંધારાને દૂર કરવાનો વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ઉપાય એક જ છે - એક નાનકડો દીવો પ્રગટાવવો. દીવાની જ્યોત પ્રગટતાં જ સદીઓ જૂનું અંધારું પણ ક્ષણવારમાં ગાયબ થઈ જાય છે.

આપણા રોજિંદા જીવનમાં પણ આવું જ બને છે. આપણી આસપાસ મુશ્કેલીઓ, નિરાશા, ખરાબ પરિસ્થિતિઓ કે નકારાત્મક લોકો (અંધારું) હોઈ શકે છે. તેમના વિશે સતત વિચારીને, રડીને કે ફરિયાદ કરીને સમય બગાડવો એ અંધારા સાથે લડવા બરાબર છે. તેના બદલે, આપણે આપણા વિચારોને સકારાત્મક રાખવા, મહેનત કરવી અને નવી આશાનો દીવો પ્રગટાવવો જોઈએ. સમસ્યાઓ પર ચર્ચા કરવા કરતાં તેના ઉકેલ પર કામ કરવું એ જ સાચી સમજદારી છે.

૨. નબળી માનસિકતા છોડી, પોતાની જાત સાથે સ્પર્ધા કરો

આજના 'સોશિયલ મીડિયા' અને દેખાડાના જમાનામાં લોકોમાં એક વિચિત્ર હોડ જામી છે. લોકો બીજાને નાના સાબિત કરીને પોતે મોટા દેખાવાનો પ્રયાસ કરે છે. કોઈની પ્રગતિ જોઈને તેની ટાંટિયાખેંચ કરવી, તેને નીચા દેખાડવા માટે કાવતરાં કરવા કે કોઈની લીટી ભૂંસીને પોતાની લીટી મોટી કરવાનો પ્રયત્ન કરવો એ અત્યંત નબળી માનસિકતાની નિશાની છે.

સાચી સફળતા એ નથી કે તમે કેટલા લોકોને પછાડ્યા કે નીચા પાડ્યા, પરંતુ સાચી સફળતા એ છે કે તમે ગઈકાલે જે સ્તર પર હતા, તેના કરતાં આજે કેટલા બહેતર અને ઉમદા ઈન્સાન બન્યા છો.

જે સમય અને શક્તિ આપણે બીજાની નબળાઈઓ શોધવામાં વેડફીએ છીએ, તે જ સમય જો આપણે આપણી ક્ષમતા વધારવામાં, નવું જ્ઞાન મેળવવામાં અને ખુદના વ્યક્તિત્વને ઊંચું ઉઠાવવામાં લગાવીએ, તો દુનિયાની કોઈ તાકાત આપણને સફળ થતાં રોકી શકશે નહીં. પૂર્ણાહુતિ (જીવનનો સાર)

આપણું જીવન અને સમય અત્યંત મર્યાદિત અને કિંમતી છે. તેને બીજાની ઈર્ષ્યા કરવામાં કે નકારાત્મક બાબતોમાં બગાડવા જેવો નથી. જ્યારે તમે બીજાને નીચા પાડવાનું છોડીને ખુદને ઊંચા ઉઠાવવાનો, તમારી આવડત સુધારવાનો સંકલ્પ કરશો, ત્યારે તમારી આસપાસનું અજ્ઞાન અને નિરાશાનું અંધારું આપોઆપ ઓગળી જશે. આવો, આપણે સૌ બીજાની ટીકા કરવાનું છોડી, પોતાની જાત પર કામ કરીએ અને સમાજમાં સકારાત્મકતાનો દીવો પ્રગટાવીએ.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પરંપરાઓ: ઈશ્વરની રચના કે માણસની ગોઠવણ?

આપણા સમાજમાં એક વાક્ય સદીઓથી સાંભળવા મળે છે 'આ તો આપણી પરંપરા છે, આમ જ કરવું પડે... આ તો ભગવાનનો બનાવેલો નિયમ છે.' પણ જો સહેજ વિવેકબુદ્ધિ અને તર્કની એરણ પર કસીને જોઈએ તો સત્ય કંઈક જુદું જ દેખાશે. સત્ય એ છે કે કોઈપણ પરંપરા ભગવાને નથી બનાવી, બધી જ પરંપરાઓ માણસે પોતાની સગવડ, ભય, સત્તા અને સામાજિક પરિસ્થિતિઓ મુજબ પોતપોતાની રીતે બનાવી છે.



ભગવાને બનાવેલી પ્રકૃતિના નિયમો જેમ કે દિવસ-રાત થવા, સૂરજનું ઊગવું, ઋતુઓનું બદલાવું કે જન્મ-મરણ તે ક્યારેય બદલાતા નથી, તે અટલ છે. પણ માણસે બનાવેલી પરંપરાઓ સમય અને જરૂરિયાત સાથે બદલાતી રહે છે. જે પ્રથા ભૂતકાળમાં ઉપયોગી હતી, તે વર્તમાનમાં કુરિવાજ પણ બની શકે છે.

નાનપણથી જ આપણા મગજના કોરા કાગળ પર સમાજ અમુક ખાસ લીટા તાણી આપે છે અને એક પેટર્ન ફિટ કરી દે છે કે આ આવું જ હોય... આમ જ થાય. સાયન્સની ભાષામાં આને 'મેન્ટલ કન્ડિશનિંગ' કહેવાય છે.

જ્યારે કોઈ રિવાજ પેઢીઓ સુધી સતત ચાલતો રહે છે, ત્યારે માણસ પોતાની વિવેકબુદ્ધિ અને તર્કને બાજુ પર મૂકી દે છે. અંધ અનુકરણ કરનારો વર્ગ ક્યારેય પરિવર્તનને સ્વીકારી શકતો નથી. જ્યારે પણ કોઈ વ્યક્તિ આ પેટર્ન તોડીને કંઈક નવું કરવાનો કે વૈજ્ઞાનિક વિચાર રજૂ કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે આખો સમાજ તેને 'પરંપરા વિરોધી' ગણાવીને તેનો વિરોધ કરવા ઊભો થઈ જાય છે. સમાજ પરિવર્તનથી ડરે છે, કારણ કે જૂની પેટર્નમાં લોકોને એક પ્રકારની સસ્તી સલામતી લાગે છે.

એક સમયે સતીપ્રથા, બાળલગ્ન કે વિધવા વિવાહ પર પ્રતિબંધને પણ લોકો 'ભગવાનની ઈચ્છા' અને 'પરંપરા' ગણાવતા હતા. પણ જ્યારે રાજા રામમોહન રાય, સાવિત્રીબાઈ ફૂલે કે મહાત્મા જ્યોતિબા ફૂલે જેવા ક્રાંતિકારીઓએ આ પેટર્ન તોડી, ત્યારે જ સમાજ શ્વાસ લઈ શક્યો.

આજે આપણે એક બહુ મોટા સામાજિક અને માનસિક રોગથી પીડાઈ રહ્યા છીએ, જેનું નામ છે દેખાડો અને પ્રતિષ્ઠાની ખોટી ભૂખ. જે રિવાજો ક્યારેક પ્રેમ, મિલન અને પરસ્પર સહયોગ માટે બન્યા હતા, આજે તે માણસને આર્થિક રીતે જીવતેજીવ મારી નાખનારા હથિયાર બની ગયા છે. લગ્ન,

ઝીયાણા, શ્રીમંત કે મામેરું જેવા અનેક રિવાજોમાં આજે અઢળક પૈસા વેડફાઈ રહ્યા છે.

દેવું કરીને પણ નામ રાખવાની મજબૂરી પૈસાની સગવડ ન હોય તો પણ માત્ર 'લોકો શું કહેશે?' કે 'નાક કપાઈ જશે' એવા કાલ્પનિક ડરથી માણસ વ્યાજે પૈસા લાવીને કે મિલકત ગીરવે મૂકીને લાખોનો ધુમાડો કરે છે અને આખી જિંદગી દેવાના ડુંગર નીચે દબાઈ જાય છે.

આજે મામેરું કે શ્રીમંત પ્રેમનો ઉત્સવ નથી રહ્યા, પણ એક 'બિઝનેસ ડીલ' બની ગયા છે. કોણે કેટલું સોનું આપ્યું કે કેટલા લાખની રોકડ આપી, તેના પરથી સંબંધોનું વજન નક્કી થાય છે. જે ભાઈ પાસે આર્થિક સગવડ નથી, તે પોતાની બહેનના ઘરે પ્રસંગમાં જતા પણ સંકોચ અને ભય અનુભવે છે.

આપણને જે નિયમ 'સનાતન' લાગે છે, તે દુનિયાના બીજા ખૂણે સાવ ઉલટો હોય છે. આનાથી જ સાબિત થાય છે કે પરંપરાઓ માણસે જ પોતાની ભૌગોલિક અને સામાજિક સગવડતા મુજબ ગોઠવી છે.

માણસે પોતે બનાવેલા સામાજિક નિયમોનું દરેક વ્યક્તિ ચુસ્તપણે પાલન કરે, તે માટે તેને ભગવાન, ધર્મ કે પાપ-પુણ્ય સાથે જોડી દેવામાં આવ્યા. કારણ કે માણસ કાયદાથી કદાચ ન ડરે, પણ ઈશ્વર અને પરલોકના ભયથી નિયમો જરૂર પાળે છે.

ચીનની 'મોસુઓ' જનજાતિ વિશે જાણીએ તો અહીં સંપૂર્ણ માતૃસત્તાક સમાજ છે. લગ્ન પછી સ્ત્રી સાસરે નથી જતી, પણ પુરુષ રાત્રે સ્ત્રીના ઘરે જાય છે અને સવારે પોતાના ઘરે પરત ફરે છે (જેને 'વોકિંગ મેરેજ' કહે છે). ઘરની મુખી અને મિલકતની સર્વોપરી વારસદાર પણ દીકરી જ બને છે.

એવી જ રીતે મેઘાલયની 'ખાસી' જનજાતિ (ભારત) આપણા જ દેશમાં આ સમુદાયમાં વારસો પરિવારની સૌથી નાની દીકરીને મળે છે, પુરુષ સાસરે જાય છે અને બાળકોને માતાની અટક (સરનેમ) મળે છે. વંશ ચલાવવા દીકરી હોવી અનિવાર્ય મનાય છે.

તેમજ આફ્રિકાની 'વુદાબે' જનજાતિ અહીં પુરુષો સ્ત્રીઓને રીઝવલા કલાકો સુધી ચહેરા પર અનોખો મેકઅપ કરે છે, આંખોમાં કાજલ આંજે છે અને સુંદર કપડાં પહેરીને નૃત્ય કરે છે, જ્યાં સ્ત્રીઓ જજ બનીને પોતાના માટે વર પસંદ કરે છે.

એક પંક્તિ યાદ આવે છે

'લીક લીક ગાડી ચલે, લીકહી ચલે કપૂત,
લીક છાડી તીનો ચલે શાયર, સિંહ, સપૂત.'

(એટલે કે જે જૂની ચીલાચાલુ પેટર્ન છે તેના પર તો કાયર લોકો ચાલે છે.સિંહ, સાચો સપૂત અને કવિ/વિચારક હંમેશા નવો જ રસ્તો કંડારે છે.)

જ્યાં સુધી સમાજમાં આવી પેટર્નને તોડનારા સાહસિક લોકો પેદા નહીં થાય, ત્યાં સુધી સમાજનો વિકાસ શક્ય જ નથી. આ પેટર્ન તોડવા માટે બહુ મોટી હિંમત અને સ્પષ્ટ વૈચારિક શક્તિની જરૂર પડે છે.

'પરંપરાઓ સમાજને વ્યવસ્થિત ચલાવવા માટેની 'માર્ગદર્શિકા' (ગાઈડલાઈન) છે, કોઈ 'બેડી' કે બંધન નથી. જો કોઈ પરંપરા માણસના વિકાસમાં અવરોધ બને, તો તેને બદલવી એ પણ માણસના જ હાથમાં છે.

બીજાના મગજમાં પોતાની ખોટી પ્રતિષ્ઠા ઊભી કરવા માટે, પોતાના જ ઘરનું આર્થિક નિકંદન કાઢી નાખવું એ જ આજના સમયનું સૌથી મોટું 'અંધ અનુકરણ' છે. દીકરીના લગ્ન પાછળ એટલો જ ખર્ચ કરો કે વિદાય પછી ચહેરા પર દીકરીની જુદાઈના આસુ હોય, દેવાના દેવાદાર હોવાના નહીં.

પરંપરાઓ આપણા માટે છે, આપણે પરંપરાઓ માટે નથી. જે રીત-રિવાજ કોઈ વ્યક્તિના સ્વાભિમાનને ઠેસ પહોંચાડતો હોય, કોઈના વિકાસને રોકતો હોય, આર્થિક દેવામાં ડુબાડતો હોય કે સમાજમાં અસમાનતા ફેલાવતો હોય, તેને બદલવાનો કે તોડવાનો પૂરો અધિકાર આપણી પાસે છે. અંધ અનુકરણ રોકવા માટે શિક્ષણ અને વૈજ્ઞાનિક જાગૃતિ જ સૌથી મોટું શસ્ત્ર છે. જાગૃત બનવું, પ્રશ્નો પૂછવા અને મગજની જૂની પેટર્નમાંથી બહાર નીકળી મુક્ત આકાશે વિહરવું એ જ સાચી માનવતા અને સાચી પ્રગતિ છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# મંદિરોમાં દાનની રકમની ઉચાપત શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણીને ઠેસ

કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાને અયોધ્યાના રામમંદિરના દાનની રકમની ઉચાપતના કિસ્સાએ આઘાત પહોંચાડયો છે. ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે તપાસની ખાત્રી આપી છે પરંતુ લોકોની શ્રધ્ધા સાથે રમાતી રમત ક્યારે અટકશે તેની ખબર નથી પડતી. ચોરી કરતા લોકોનેભગવાનથી ડરવાની સલાહ આપે છે પરંતુ ભગવાનના મંદિરના વહીવટકારો જ કટકી લેતા પકડાય છે. મંદિરોમાં થતી દાનના આવક કરોડોમાં હોય છે. તેનો પાઈપાઈનો હિસાબ રાખવો વહીવટદારોની ફરજ છે પરંતુ મદિરોના વહીવટમાં થતી ગોબાચારીના અહેવાલો છાશવારે ચમકે છે.

અયોધ્યાનું રામમંદિર દેશના શ્રધ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે પરંતુ કેટલાક તત્વો દાનમાં આવેલી સંપત્તિને પોતાની સંપત્તિ ગણીને બધું ઘરભેગું કરવામાં વ્યસ્ત રહેતા હોય છે. મંદિરોની આવક, ધર્મ ગુરૂઓની આવક વગેરે એક કોર્પોરેટ કંપનીઓ જેવું હોય છે. મંદિરોમાં તેમ જ આશ્રમોમાં શ્રધ્ધાળુઓ આંખો મીચીને દાન કરતા હોય છે. દાન કરવાનો વ્યવહાર ધર્મ સાથે સંકળાયેલો છે. મંદિરની બહાર બેઠેલી ભિક્ષુકોની લાઈનમાં પણ લોકો દરેકને યથા શક્તિ દાન કરતા હોય છે. દરેક ધર્મમાં દાનનો વિશેષ મહિમા વર્ણવેલો છે.

અનેક મંદિરોમાં સરકારે વહીવટદારો નિમીને આડેધડ વપરાતા પાસા પર અંકુશ મુકવામાં સફળતા મેળવી છે. તેમ છતાં પૈસો કેવી રીતે પોતાની તરફ સેરવી લેવો તેની આવડત અનેક લોકો પાસે હોય છે. દાનની રકમનું શું થશે તે વિશે કોઈ વિચારતું નથી. મંદિરોમાં જતો વર્ગ દાન માટે, મંદિરોમાં ફરતા સેવકો માટે, બહાર બેસતા કે ફરતા ભિક્ષુકો વગેરે માટે અલગ બજેટ રાખે છે. કેટલાક શ્રધ્ધાળુઓ ધાર્મિક પ્રવાસ દરમ્યાન પરચુરણ સાથે રાખે છે. મંદિરોમાં વિવિધ સ્તરે દાન પેટી રખાય છે જેમકે ગાયના ઘાસના પૈસા, વિવિધ ભોગ માટેના પૈસા, ભગવાનના વસ્ત્રો માટેના પૈસા વગેરે વગરે.

શ્રધ્ધાળુઓ દાન પેટી છલકાવી દે છે. કેમકે તે લોકો દાનનો મહિમા સમજીને દાન કરે છે. દાનની રકમમાંથી પૈસો લેવાની દાનત રાખનારાઓ ભ્રષ્ટાચારી રાજકારણીઓ કરતા પણ વધુ બદમાશ હોય છે. દેખાવમાં સજ્જન અને હિસાબોમાં ચોખ્ખા લાગતા લોકો પૈસો જોઈને લપસી પડે છે. તેમને પૈસાનો યોગ્ય વહીવટ કરવાનું કામ સોંપાયું હોય છે પરંતુ તે ઘરભેગું કેવી રીતે કરવું તે વિચારતા હોય છે. આપણે ત્યાં લોકો મંદિરોમાં ચાલતા ગેરવહીવટના વિવાદમાં બહુ પડતા નથી કેમકે દરેક માને છેકે જે ખોટું કરશે તે ભરશે. જોકે જ્યારે વાત લાખોની ઉચાપતની હોય ત્યારે શ્રધ્ધાળુઓ પણ સમસમી જાય છે.આંધ્ર પ્રદેશના તિરૂપતિ મંદિરની વાર્ષિક આવક ૧૫૦૦ કરોડ રૂપિયા છે જ્યારે વૈષ્ણો દેવી અને સુવર્ણમંદિરની આવક ૫૦૦ કરોડ જેટલી છે. શિરડીના સાંઈબાબા મંદિરની આવક ૪૮૦ કરોડ છે જ્યારે સબરીમાલા મંદિરની આવક ૨૪૫ કરોડ જેટલી છે. કરોડોની આવકમાં આળોટતા આ મંદિરોનો વહીવટ યોગ્ય હાથોમાં છે કે કેમ તે ચકાસવું જોઈએ પરંતુ અનેક વાર દરેક મંદિરો વિવિધ વિવાદમાં ફસાયેલા છે. શ્રધ્ધાળુઓ માટે દાનની રકમ ક્યાં વપરાય છે તે વિશે બહુ ચિંતા નથી હોતી પરંતુ જ્યારે ચોરીની વાતો બહુ ચર્ચાય છે ત્યારે લોકો દાન આપતા પહેલાં અચકાય છે. અયોધ્યામાં રામમંદિરને મળેલી દાનની રકમમાં ઉચાપત બાબતે સરકારે સીટની રચના કરી છે. આવી ઉચાપત કરનારાઓ સામે કડક હાથે કામ લઈને સરકારે દાખલો બેસાડવો જોઈએ જેથી અન્ય મંદિરોના વહીવટકારો ઉચાપત કરવાથી દૂર રહે.

# ચોમાસું અટકી ગયું : જૂન મહિનામાં 46 ટકા વરસાદની ઘટ

ચોમાસું છેલ્લાં ઘણા દિવસથી અટકી ગયું છે. તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું નથી. આ ઉપરાંત ઉત્તર-પશ્ચિમના રાજ્યો ચોમાસા વગર અસહ્ય ગરમીથી ત્રસ્ત થઈ ગયા છે. વાસ્તવિકતા એવી છે કે, મોનસુન સાઈકલ ખોટકાઈ ગઈ છે. તે જ્યાં પહોંચ્યું છે ત્યાં પણ યોગ્ય વરસાદ પડતો નથી. જાણકારોના મતે અત્યાર સુધી ચોમાસું શરૂ થયાને જૂન મહિનો પૂરો થવા આવ્યો ત્યાં સુધીમાં ૪૦ ટકાની ઘટ જોવા મળી છે. જૂન મહિનામાં દેશભરમાં ચોમાસું જ્યાં વરસે છે તેમાં આટલો મોટો ઘટાડો ઘણા વર્ષો બાદ જોવા મળી રહ્યો છે. કેટલાક સ્થળોએ સાઈક્લોનિક સર્ક્યુલેશન પણ સર્જાયું છે અને તેના પગલે ચોમાસું આગળ વધી શકતું નથી. હાલમાં રાજસ્થાનની ઉપર અને પાકિસ્તાન તરફ આ સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે જેણે વરસાદી સ્ટ્રીમને અટકાવી રાખી છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં ચોમાસું પ્રવેશ કરે ત્યારબાદ તેની બે ટ્રફ રેખાઓ ખેંચાય છે. તેની બે સ્ટ્રીમ બને છે. એક સ્ટ્રીમ હાલમાં પશ્ચિમ બંગાળ સુધી પહોંચી છે જ્યારે બીજી સ્ટ્રીમ છત્તીસગઢ અને તમિલનાડુની વચ્ચે છે. આ સ્ટ્રીમ જ ચોમાસાને ઉત્તર અને પશ્ચિમ તરફ ખેંચી જાય છે. હાલમાં અરબ સાગર ઉપરથી ભેજવાળા પવનો ઉત્તર ભારત તરફ જઈ રહ્યા છે. બીજી તરફ બંગાળની ખાડીમાંથી આવતા પૂર્વના ભેજવાળા પવનો હજી અટકેલા જ છે. જ્યારે આ બંને તરફના પવનો ભેગા થાય છે ત્યારે ઉત્તર-પશ્ચિમના રાજ્યોમાં વરસાદ થાય છે. તેના કારણે જ વરસાદ અટકેલો છે. ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, યુપીમાં ક્યાંક ક્યાંક છુટોછવાયો વરસાદ પડી રહ્યો છે પણ તેને ચોમાસું બેસી ગયું ન કહેવાય. જાણકારોના મતે અલનીનોના કારણે ચોમાસું અટકી ગયું છે. આમ જોવા જઈએ તો અલનીનો એકમાત્ર કારણ નથી. સામાન્ય રીતે દક્ષિણ હિન્દ મહાસાગરમાં એક હાઈપ્રેશર સિસ્ટમ સર્જાય છે અને તેના દ્વારા ચોમાસું આવે છે. તેને માસ્કારેન હાઈ પણ કહેવામાં આવી છે. બીજી તરફ પાકિસ્તાન અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગરમીના કારણે હીટ પ્રેશર સિસ્ટમ એક્ટિવેટ થાય છે અને લો પ્રેશર સિસ્ટમ સર્જાય છે. સામાન્ય રીતે હવા હાઈ પ્રેશરમાંથી લો પ્રેશર તરફ ગતિ કરતી હોય છે. તેથી હિન્દ મહાસાગર ઉપર સર્જાયેલું પ્રેશર આગળ વધીને લો પ્રેશર તરફ જાય છે. ભૂમધ્ય રેખાને પસાર કર્યા બાદ આ પવનો અરબ સાગર તરફથી આગળ વધવા લાગે છે. તેના કારણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું સર્જન થાય છે જેને આપણે નૈઋત્યનું ચોમાસું કહીએ છીએ. સામાન્ય રીતે હાઈ પ્રેશર સિસ્ટમ અને લો પ્રેશર સિસ્ટમ મજબૂત રીતે સર્જાયેલા હોય તો ચામાસું ઝડપથી આગળ વધે છે અને ધોધમાર વરસાદ લાવે છે પણ આ વર્ષે હજી બંને સિસ્ટમ જોઈએ તેટલી મજબૂત થઈ નથી. તેના કારણે ચોમાસું અટકી ગયું છે. બીજી તરફ સોમાલી જેટ પવનો પણ આ વખતે નબળા છે. આ પવનો જ હાઈ પ્રેશર સિસ્ટમ બનનારી સ્ટ્રીમ છે. મડાગાસ્કર અને સોમાલિયા પાસેથી પસાર થઈને તે અરબ સાગર સુધી આગળ વધે છે. આ હવા મજબૂત હોય તો ભારતના કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત જેવા પશ્ચિમી કિનારાના રાજ્યોમાં સારો વરસાદ લાવે છે. આ વખતે સોમાલી જેટ પણ નબળા પડેલા છે. તેના કારણે પશ્ચિમી ભારતમાં ચામાસું ધીમું પડી ગયું છે અથવા તો સાવ જ અટકી ગયું છે તેવું દેખાઈ રહ્યું છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક પ્રદેશો જે જૂનના અંત સુધીમાં વરસાદથી તરબતર થઈ જતા હતા તે આ વર્ષે હજી સુધી સામાન્ય વરસાદનો અનુભવ કરી રહ્યા છે. ઘણી જગ્યાએ તો હજી વરસાદ પણ પડયો નથી. ઘણી જગ્યાએ માત્ર છૂટાછવાયા ઝાપટા જોવા મળ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, ચોમાસાની શરૂઆત સારી થઈ હતી પણ ધીમે ધીમે તે મંદ પડી રહ્યું છે. તે છેલ્લાં ઘણા દિવસથી આગળ વધી રહ્યું નથી. જ્યાં જ્યાં ચોમાસું બેઠું છે ત્યાં પણ જોઈએ તેવો વરસાદ પડયો નથી. જાણકારોના મતે અત્યાર સુધીમાં જ્યાં જ્યાં વરસાદ પડયો છે ત્યાં સરેરાશ ૪૦થી ૮૦ મિલીમીટર જ પડયો છે. સામાન્ય રીતે જૂન મહિનામાં સૌથી વધારે વરસાદ પડતો હોય છે. આ વખતે ચિંતાજનક સ્થિતિ છે. જૂન મહિનો પૂરો થવા આવ્યો અને હજી વરસાદમાં ૪૬ ટકાની ઘટ છે. હાલમાં પણ જે સંકેત મળી રહ્યા છે તે જણાવે છે કે, ચોમાસું હજી આ અઠવાડિયું આગળ વધે તેવા કોઈ અણસાર નથી. આગામી સમયમાં કેટલાક વિસ્તારોમાં પ્રી મોન્સુન એક્ટિવિટી જેવો વરસાદ પડી શકે છે. બાકી સ્થિતિમાં કોઈ સુધારો નથી. દેશમાં સૌથી વધારે વરસાદની જૂન મહિનાની અછત આ વખતે મહારાષ્ટ્રમાં જોવા મળી છે. ત્યાં ૮૫ ટકા ઓછો વરસાદ પડયો છે. બીજી તરફ ઓછા વરસાદમાં ગુજરાત પણ બીજા ક્રમે છે. અહીંયા જૂન મહિનામાં વરસાદની ૮૪ ટકા ઘટ જોવા મળી છે. ત્રીજા ક્રમે વરસાદના ગઢ ગણાતા મેઘાલયનું નામ આવે છે. અહીંયા જૂન મહિનામાં ૮૧ ટકા ઓછો વરસાદ પડયો છે. ત્યારબાદ ગોવામાં ૭૬ ટકા, છત્તીસગઢ અને ઝારખંડમાં ૭૧ ટકા તથા મણીપુરમાં ૭૩ ટકા વરસાદી ઘટ નોંધાઈ છે. ભૂતકાળમાં નજર કરીએ તો ૧૯૧૮માં ચોમાસું નિષ્ફળ રહ્યું હતું. આઝાદી પહેલાંની આ સ્થિતિ અત્યંત કફોડી હતી. દેશના ૪૦ ટકા ભાગમાં વરસાદની અછતને પગલે દુકાળ પડયો હતો. છેલ્લાં ૧૨૦ વર્ષમાં આવું ક્યારેય થયું નહોતું. તે સમયે ભોજન અને ઘાસચારાની સખત અછત ઊભી થઈ હતી. ત્યારબાદ ૧૯૭૨માં ભારતમાં વરસાદમાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે વખતે મહારાષ્ટ્રની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. આજે પણ દેશમાં ચોમાસું નિષ્ફળ જાય તો ૧૯૭૨ના વર્ષની સ્થિતિ સાથે જ સરખામણી કરાય છે. તેને દેશના આધુનિક ઈતિહાસમાં નિષ્ફળતાનો બેન્ચમાર્ક ગણાવાય છે. ૧૯૮૭માં પણ દેશોમાં ચોમાસું નબળું રહ્યું હતું અને વરસાદમાં ૧૯ ટકાની ઘટ પડી હતી. તેના કારણે દેશની ૬૦ ટકા ખેતીને અસર થઈ હતી. અંદાજે ૯ કરોડ લોકોને દુકાળ અને ભુખમરાનો સામનો કરવાનો આવ્યો હતો. ૨૦૦૨માં પણ ૧૯ ટકા ઓછો વરસાદ પડયો હતો. આ વર્ષે કુલ વરસાદમાં ઘટ નહોતી પણ જુલાઈમાં ચોમાસું અટકી ગયું હતું અને તેના કારણે ખેતીને પિયત અને વાવણી બાદની સ્થિતિને ખૂબ જ નુકાસન થયું હતું. જળાશયો પણ ભરાયા નહોતા. દેશના ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના પશ્ચિમી રાજ્યોનો દુકાળનો સામનો કરવાનો આવ્યો હતો. દેશના અર્થતંત્રને પણ મોટો ઝાટકો લાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ત્યારબાદ ૨૦૦૯માં પણ ભારતમાં ચોમાસું નિષ્ફળ ગયું હતું. તે સમયે વરસાદમાં ૨૨ ટકાની ઘટ જોવા મળી હતી. તે સમયે અનાજ, શેરડી, કઠોળના પાકને ખૂબ જ નુકસાન ગયું હતું. ખેતીમાં નુકસાન ઉપરાંત પીવાના પાણીની પણ વ્યાપક અછત ઊભી થઈ હતી. તેના કારણે દેશના અર્થતંત્રને પણ વ્યાપક નુકસાન થયું હતું. ચોમાસાના નિષ્ફળ જવાના ઈતિહાસમાં ૨૦૧૫ છેલ્લું વર્ષ છે. એક દાયકા પહેલાં ૨૦૧૫માં ચોમાસામાં ૧૪ ટકાની ઘટ જોવા મળી હતી. તેમાં જૂનમાં અસહ્ય વરસાદ પડયો અને ત્યારબાદ જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સામાન્ય વરસાદ પડયો. ત્યારે પણ અલનિનોની અસર આકરી થઈ હોવાથી વરસાદ યોગ્ય રીતે પડયો નહોતો. તાજેતરમાં પણ અલનિનોની સ્થિતિ અસર કરી રહી હોય તે દેખાઈ રહ્યું છે. ચોમાસું હાલમાં અટકી ગયું છે. તેના કારણે મહારાષ્ટ્ર, મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાં વરસાદમાં વ્યાપક ઘટ જોવા મળી હોવાના અહેવાલો આવ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, આ વર્ષે જો અલ નિનોની અસર વધારે પ્રબળ બનશે તો આ વર્ષે ચોમાસું ખરાબ થવાની પૂરતી શક્યતાઓ જોવાઈ રહી છે. જૂનમાં તો વરસાદની ઘટ જોવા મળી જ છે, હવે જુલાઈ અને ઓગસ્ટમાં પણ વરસાદની ઘટ આવી તો તેના પરિણામો ખૂબ જ કપરાં આવશે. આગામી બે મહિનામાં જો વરસાદ યોગ્ય રીતે નહીં પડે તો પરિસ્થિતિ વધારે ખરાબ થાય તેમ છે. એક તરફ વૈશ્વિક પરિસ્થિતિ ડામાડોળ છે.

# 'લગ્ન બાદ મારે 3 મહિલા સાથે અફેર હતા, જેમાં એક રશિયન વિજ્ઞાની હતી...' બિલ ગેટ્સની કબૂલાત

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે પોતાના ત્રણ એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ(લગ્નેતર સંબંધો) અંગે એક મોટો અને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગેટ્સે કુખ્યાત યૌન અપરાધી જેફરી એપ્સ્ટીન પર ગંભીર આક્ષેપ લગાવતાં જણાવ્યું છે કે, 'એપ્સ્ટીન મારા આ અફેર વિશે બધું જ જાણતો હતો અને તેને આધારે તે મને બ્લેકમેલ કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો.' જેફરી એપ્સ્ટીનના નેટવર્ક અને તેના સંપર્કોની તપાસ કરી રહેલી 'યુએસ હાઉસ ઓવરસાઈટ કમિટી'ના રિપોર્ટમાં આ ખુલાસો કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા કેટલાક નવા દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા બાદ એપ્સ્ટીન અને બિલ ગેટ્સના જૂના સંબંધોની ફરીથી તપાસ શરૂ કરવામાં આવી છે. આ વિવાદ અંગે પોતાનો પક્ષ રાખવા માટે બિલ ગેટ્સ 10 જૂનના રોજ પોતે આ તપાસ સમિતિ સમક્ષ હાજર થયા હતા, જ્યાં અમેરિકન સાંસદોએ તેમનું સત્તાવાર નિવેદન નોંધ્યું હતું. સુનાવણી દરમિયાન ગેટ્સે સ્વીકાર્યું કે, 'જેફરી એપ્સ્ટીન મારી પર્સનલ લાઈફની વાતો જાણતો હતો.

# અમેરિકા- ઈરાન ડીલમાં ચાર લક્ષ્મણ રેખા એક પણ ઓળંગાશે તો યુદ્ધ ફરી શરૂ થશે

નવી દિલ્હી

અમેરિકા- ઈરાન વચ્ચે થયેલી પ્રારંભિક સમજૂતી (એમ.ઓ.યુ.) મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવાની આશા લાવી છે પરંતુ મંત્રણા શરૂ થતા જ ૪ મુખ્ય 'લક્ષ્મણ રેખા' સ્પષ્ટ દેખાય છે. પહેલો વિચાર તો હોર્મુઝ ઉપરના કાબુનો છે. ઈરાન ત્યાંથી પસાર થનારા જહાજો પર ટોલ લેવા માંગે છે. બીજો વિવાદ 'બેલેસ્ટિક મિસાઈલ' અંગેનો છે ઈરાન તેના બેલાસ્ટિક મિસાઈલ કાર્યક્રમ અંગે કોઈ સમજૂતી કરવા તૈયાર નથી. ત્રીજો મુદ્દો ઈરાનના પરમાણું સંયંત્રો અંગેનો છે, તેમાં આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ અંગે બંનેના દાવા અલગ અલગ છે. ચોથો 'વિવાદ' પ્રતિબંધો અને આર્થિક રાહતોનો છે.



જો આ મુદ્દાઓ ટૂંક સમયમાં નહીં ઉકલે તો મધ્યપૂર્વમાં ફરી ભડકો થશે તે નિશ્ચિત લાગે છે (૧) અમેરિકન વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ મંગળવારે જ જણાવી દીધું હતું કે, અમેરિકા હોર્મુઝ સ્ટ્રેઈટ્સમાંથી પસાર થનારા જહાજો ઉપર કોઈપણ ટોલ સ્વીકારશે નહીં. તે સર્વવિદિત છે કે યુદ્ધના પ્રારંભે જ ઈરાને આ સ્ટ્રેઈટ્સ બંધ કરી દીધી હતી તેથી દુનિયાભરમાં તેલની કિંમતમાં ઉછાળો આવ્યો હતો. ઈરાન હોર્મુઝ સ્ટ્રેઈટ્સ ઉપરનું તેનું સાર્વભૌમત્વ અકબંધ રાખે છે અને સ્પષ્ટ કરે છે કે તેની ઉપર જો અમારો કાબૂ રહેશે જ તેવું એલાન સાથે મળી તે સ્ટ્રેઈટ્સ મેનેજ કરવાનું છે. જ્યારે અમેરિકાને તે સ્વીકાર્ય નથી. (૨) મંગળવારે રાજકીય હીલચાલ વધી રહી હતી. ઈરાનના પ્રમુખ પાકિસ્તાન પહોંચ્યા ત્યારે માર્કો રૂબીયોએ ખાડી દેશના સાથીઓ સાથે મંત્રણા શરૂ કરી. જ્યારે ઈઝરાયલ લેબેનેન વચ્ચે વૉશિંગ્ટનમાં મંત્રણા શરૂ થઈ, ઈરાને સ્પષ્ટ કહ્યું કે, તેનો બેલાસ્ટિક મિસાઈલ કાર્યક્રમ કાંઈ પણ સમજૂતીનો ભાગ નહીં રહે ઈરાનના પ્રમુખ પેઝેશકીયાને બાદમાં કહ્યું હતું કે, જો અમારી સામે મિસાઈલ્સ ન હોત તો ઈઝરાયેલ અમેરિકાએ અમને ગાઝાની જેમ જ કચડી નાખ્યા હોત. (૩) ટ્રમ્પ અને વાન્સ બંનેએ કહ્યું હતું કે, ઈરાને તેના પરમાણુ સંશાધનો પર નજર રાખવા માટે આઈએઈના નિરીક્ષકોને આવવા દેવા સંમત થયું છે. ઈરાને આ દાવાનો ઈન્કાર કર્યો છે.

(૪) અમેરિકી વિત્ત મંત્રીએ ઈરાન પર લગાડાયેલા પ્રતિબંધોમાં કેટલીક છૂટછાટ મૂકી છે જેથી તે ક્રૂડ અને તેને આનુષાંગિક ઉત્પાદન કરી શકે અને વેચી પણ શકે. ઈરાન કહે છે તે માટે અમેરિકાની મંજૂરી જરૂરી નથી. જ્યારે અમેરિકાએ છૂટી કરેલી ૧૨ અબજ ડૉલર્સની સંપત્તિ કઈ રીતે આપવી તે અમેરિકા નક્કી કરે તેમ કહ્યું તે સામે યુએન સ્થિત ઈરાનના રાજદૂત બહરેનીએ કહ્યું હતું કે, તે ૧૨ અબજ ડોલર્સ કેવા, ક્યા અને કઈ રીતે આપવા તે ઈરાન જ નક્કી કરી શકે બીજા કોઈ નહીં બીજા કોઈની તેમાં ભૂમિકા ન હોઈ શકે. ટૂંકમાં આ સમજૂતી ટકી શકશે કે કેમ તે અંગે જ સૌ કોઈને શંકા છે.



પાક્કો ગુજરાત

ગુરુવાર | 25 જૂન 2026 | અમદાવાદ

### આરોપીઓએ મહાનગરપાલિકાના કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ગાળો ભાંડી

# જામનગર પાલિકાના દબાણ હટાવ વિભાગના કર્મચારીઓ પર જીવલેણ હુમલો કરનારા આરોપીઓ સામે ગુનો નોંધાયો

■ પોલીસે હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, પોલીસે 8 આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે

જામનગર

જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ (દબાણ હટાવ) વિભાગના કર્મચારીઓ પર ફરજ દરમિયાન જીવલેણ હુમલો કરાયાની ગંભીર ઘટના સામે આવી છે. અંબર ચોકડી નજીક નવા બ્રિજ નીચે દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન કેટલાક શખ્સોએ મહાનગરપાલિકાના કર્મચારીઓ પર મરચાં સ્પ્રે છાંટી પથ્થરમારો કર્યો હતો, જેમાં પાંચ કર્મચારીઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. સમગ્ર ઘટનાને લઈને પોલીસે હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે 8 આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે, જે પૈકી કેટલાકને રાઉન્ડઅપ કર્યા છે.



ફરિયાદ અનુસાર, જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓને અંબર ચોકડી પાસે આવેલા નવા બ્રિજ નીચે થયેલા દબાણો દૂર કરવા માટે મોકલવામાં આવ્યા હતા. ટીમ દ્વારા સ્થળ પર રહેલી ઘરવખરી અને અન્ય સામાન ટ્રેક્ટરમાં ભરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે ત્યાં રહેતા કનૈયાલાલ પરમાર, તેનો પુત્ર ઉદલ કનૈયાલાલ પરમાર, નંદલાલ પરમાર, મલખાન ઉર્ફે ધુંધો તથા અન્ય અજાણ્યા સ્ત્રી-પુરુષો ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ મહાનગરપાલિકાના કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ગાળો ભાંડી હતી. ત્યારબાદ અચાનક મરચાં સ્પ્રે છાંટીને કર્મચારીઓને નિશાન બનાવ્યા હતા. કર્મચારીઓ બચવા માટે ભાગવાનો પ્રયાસ કરતા આરોપીઓએ પથ્થરોનો ભારે મારો શરૂ કર્યો હતો.

હુમલામાં એસ્ટેટ શાખાના કર્મચારી ચેતનસિંહ જાડેજાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને આઠ ટાંકા લેવા પડ્યા હતા. મહિપત દાઉદીયાને માથામાં ગંભીર ઈજા પહોંચતા નવ ટાંકા લેવામાં આવ્યા હતા. ઉપરાંત ફેજલ ખફી, વિજયસિંહ ઝાલા અને વિજય રાઠોડને પણ શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. તમામ ઘાયલોને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ક્યાં તમામની સઘન સારવાર ચાલી રહી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મહાનગરપાલિકાના કર્મચારીઓએ અગાઉ પણ અનેક વખત દબાણકારોને સ્થળ ખાલી કરવાની સૂચના આપી હતી. તેમ છતાં તેઓએ સ્થળ ખાલી ન કરતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીથી રોષે ભરાયેલા આરોપીઓએ સરકારી ફરજમાં રૂકાવટ કરી હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### શિક્ષણના નામે ઉઘાડી લૂંટ અને પેપર લીક સામે ગુજરાતમાં યોજાશે '

# છાત્ર-ગુંજ' કાર્યક્રમ, કોંગ્રેસ પ્રવક્તા નિશાંત રાવલે સરકાર પર પ્રહારો કર્યા

ગોધરા

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ, ગોધરા ખાતે આયોજિત એક મહત્વની પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા નિશાંત રાવલે દેશ અને રાજ્યની શિક્ષણ વ્યવસ્થા તેમજ વારંવાર થતા પેપર લીક કૌભાંડોને લઈને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

યુવાનોના ભવિષ્ય સાથે થતા ખીલવાડ સામે કોંગ્રેસ હવે ગુજરાતમાં 'છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા રાજ્યવ્યાપી આંદોલન છેડવા જઈ રહી છે.

પત્રકાર પરિષદને સંબોધતા પ્રવક્તા નિશાંત રાવલે જણાવ્યું હતું કે, મોદી સરકારના ૧૦ વર્ષના શાસનમાં દેશમાં ૮૯ જેટલા પેપર લીકના બનાવો સામે આવ્યા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ ફરી લેવાની નોબત આવી છે. તાજેતરમાં યોજાયેલી NEET પરીક્ષામાં પણ મોટા પાયે ગેરરીતિ અને પેપર લીકના આક્ષેપો થયા છે. ગુજરાતમાં અગાઉ બિનસચિવાલય ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક અને ફોરેસ્ટ ગાર્ડ જેવી પરીક્ષાઓના પેપર લીક થવાથી લાખો વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ ગંભીર નિષ્ફળતાની નૈતિક જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.

નિશાંત રાવલે આર્થિક આંકડાઓ રજૂ કરતા ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે: દેશભરમાં ૨૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ NEET ની તૈયારી કરે છે, જેમની પાછળ પરિવારોનો અંદાજિત ખર્ચ રૂપિયા ૧.૩૨ લાખ કરોડ થાય છે, જ્યારે દેશનું આખું શિક્ષણ બજેટ રૂપિયા ૧.૪૦ લાખ કરોડ છે.

જો NEET, JEE, UPSC, SSC અને રેલવે જેવી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો કુલ ખર્ચ ગણવામાં આવે, તો તે આશરે રૂપિયા ૩.૫ લાખ કરોડ થાય છે, જે કેન્દ્ર સરકારના વાર્ષિક શિક્ષણ બજેટ કરતાં ત્રણ ગણો વધારે છે.

વાલીઓ પોતાની જમાપૂંજી શિક્ષણ પાછળ ખર્ચી નાખે છે અને અંતે પેપર લીક થતાં વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં આવીને આત્મહત્યા જેવા આત્યંતિક પગલાં ભરે છે, જે દેશ માટે અત્યંત ચિંતાજનક છે.

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાજસ્થાનના કોટાથી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધીને 'છાત્ર ગુંજ' કાર્યક્રમની શરૂઆત કરી છે. હવે આ જ તર્જ પર ગુજરાત કોંગ્રેસ પણ રાજ્યના ખૂણે-ખૂણે જઈને વિદ્યાર્થીઓના પ્રશ્નો, ફી વધારો અને ભરતી કૌભાંડો સામે અવાજ બુલંદ કરશે. જિલ્લા સ્તરે વિદ્યાર્થીઓની ફરિયાદો સાંભળીને સરકાર સુધી પહોંચાડવામાં આવશે.

# દેવભૂમિ દ્વારકા: કલ્યાણપુર તાલુકા પંચાયતનો જુનિયર ક્લાર્ક રવિ ભરાડિયા રૂપિયા 3000ની લાંચ લેતા એસીબીના સિંકજામાં

દેવભૂમિ દ્વારકા

ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ સામે એસીબી (ACB) એ લાલ આંખ કરી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર ખાતે આવેલી તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્ક રવિ મનસુખભાઈ ભરાડિયાને રૂપિયા ૩,૦૦૦ ની લાંચ લેતા ગુજરાત એસીબીની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો છે.



મળતી વિગતો અનુસાર, આ કેસના ફરિયાદીએ તેમના અસીલોની ખેતીની જમીનમાં તગાવીનું (સરકારી લોન કે ધિરાણ) કોઈ લેણું બાકી નથી તે અંગેનું નો-ડ્યુ પ્રમાણપત્ર મેળવવાનું હતું. આ પ્રમાણપત્ર સમયસર કાઢી આપવાના બદલામાં કલ્યાણપુર તાલુકા પંચાયતના જુનિયર ક્લાર્ક રવિ ભરાડિયાએ ફરિયાદી પાસે રૂપિયા ૩,૦૦૦ ની લાંચની ગેરકાયદેસર માગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી, તેમણે આ અંગે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) નો સંપર્ક કરીને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે એસીબીની ટીમે કલ્યાણપુર તાલુકા પંચાયત કચેરી ખાતે જ લાંચનું સચોટ છટકું ગોઠવ્યું હતું. જેવા ફરિયાદી લાંચના નાણાં આપવા ગયા અને જુનિયર ક્લાર્ક રવિ ભરાડિયાએ રૂપિયા ૩,૦૦૦ સ્વીકાર્યા, કે તરત જ સંતાઈને બેઠેલી એસીબીની ટીમે તેને રંગેહાથ દબોચી લીધો હતો.

રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના અભિયાન હેઠળ સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. સરકારી કચેરીઓમાં સામાન્ય જનતાને હેરાન કરીને લાંચ માગતા આવા અધિકારીઓ સામે એસીબી સતત સકંજો કસી રહી છે.

### અરવલ્લીમાં કોંગ્રેસ પ્રવક્તા ડૉ. અમિત નાયકના સરકાર પર આકરા પ્રહારો

# જેમ દિવાળીમાં ફટાકડા ફૂટે તેમ મોદી સરકારમાં પેપર ફૂટે છે



અરવલ્લી

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત એક અગત્યની પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. અમિત નાયક અને પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલે પેપર લીક, પરીક્ષા કૌભાંડો અને કથિત ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ સરકારને આડે હાથ લીધી છે. શિક્ષણના નામે ચાલતી ઉઘાડી લૂંટ સામે કોંગ્રેસ હવે ગુજરાતમાં 'છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા મોટું આંદોલન શરૂ કરવા જઈ રહી છે.

પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ પ્રવક્તા ડૉ. અમિત નાયકે એક મોટો કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, જેમ દિવાળીમાં ફટાકડાની લહેર ફૂટતી હોય તેમ મોદી સરકારમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ફૂટે છે. વર્ષ ૨૦૧૪ બાદથી આજદિન સુધીના કાર્યકાળમાં દેશમાં ૮૯ પેપરો લીક થયા છે અને ૪૮ પરીક્ષાઓ ફરી લેવી પડી છે, જે આ દેશ માટે અત્યંત શરમજનક ઘટના છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાતમાંથી ૮૦,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ નીટ (NEET) ની પરીક્ષામાં બેસે છે. ભૂતકાળમાં પણ બિન સચિવાલય, જુનિયર ક્લાર્ક અને ફોરેસ્ટ વિભાગની ભરતીમાં પેપર લીક થયા હતા અને તેના હપ્તા ભાજપના કાર્યાલય કમલમ સુધી પહોંચતા હશે તે શક્યતાઓને નકારી શકાય નહીં. લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓની આર્થિક, માનસિક અને શારીરિક ભાવનાઓ સાથે રમત રમતી ભાજપ સરકાર લાજવાના બદલે ગાજી રહી છે. બાયડ-માલપુર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આ સરકાર ક્યારેક રામમંદિરમાં શ્રીરામના નામે ચોરી કરે છે, તો ક્યારેક ગૌમાતાના નામે ડોળ કરી ગૌમાંસ ઈમ્પોર્ટ-એક્સપોર્ટના લાઈસન્સ આપી રોકડી કરે છે. હવે આ સરકાર પેપર લીક કરીને દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓના ભવિષ્યની ચોરી કરી રહી છે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા અને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીના આહવાનને આગળ ધપાવતા ડૉ. અમિત નાયકે જાહેરાત કરી હતી કે, અગાઉ થયેલા પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન તાત્કાલિક રાજીનામું આપે અને ભવિષ્યમાં આવી કોઈ ચોરી ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તે માટે કોંગ્રેસ સડકથી સંસદ સુધી આરપારની લડાઈ લડશે.

# ગુજરાતના રાજકારણમાં સૌથી મોટો સવાલ : ચૈતર વસાવાના MLA પદ પર લટકતી તલવાર?

નર્મદા જિલ્લાની ડેડીયાપાડા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટે એક જૂના કેસમાં 7 વર્ષની સજા સંભળાવી

નર્મદા

નર્મદા જિલ્લાની ડેડીયાપાડા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટે એક જૂના કેસમાં ૭ વર્ષની સજા સંભળાવી છે. આ ચુકાદા બાદ ગુજરાતના રાજકીય ગલિયારાઓમાં ભારે ગરમાવો આવી ગયો છે અને સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે શું ચૈતર વસાવા પોતાનું ધારાસભ્ય પદ ગુમાવશે કે પછી કોઈ કાનૂની દાવપેચ તેમને બચાવી લેશે?

ભારતીય બંધારણ અને લોકપ્રતિનિધિત્વ ધારા (પ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એક્ટ) ની કલમ ૮(૩) મુજબ: જો કોઈ પણ ચાલુ સાંસદ કે ધારાસભ્યને અદાલત દ્વારા ૨ વર્ષ કે તેથી વધુ સમયની સજા ફટકારવામાં આવે, તો તે તાત્કાલિક અસરથી ગૃહના સભ્યપદ માટે અયોગ્ય ઠરે છે. એટલું જ નહીં, સજાનો સમયગાળો પૂર્ણ થયા બાદ પણ આગામી ૬ વર્ષ સુધી તે વ્યક્તિ ચૂંટણી લડી શકતી નથી. ચૈતર વસાવાને ૭ વર્ષની સજા થઈ હોવાથી, કાયદાની દ્રષ્ટિએ તેમના ધારાસભ્ય પદ પર સીધો ખતરો છે.

ચૈતર વસાવા પાસે પોતાનું પદ બચાવવા માટે હવે કાનૂની લડત સિવાય બીજો કોઈ રસ્તો નથી: ઉચ્ચ અદાલતમાં અપીલ: તેઓ આ ચુકાદાને હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં પડકારી શકે છે. સજા પર સ્ટે (Stay) મેળવવો અનિવાર્ય: જો ઉપરની અદાલત માત્ર જામીન આપવાને બદલે તેમની સજા (Conviction) પર સ્ટે એટલે કે રોક લગાવી દે, તો જ તેમનું ધારાસભ્ય પદ બચી શકે છે. જો માત્ર સજા મોકૂફ રાખવામાં આવે (Sentence Suspension), તો પદ બચાવવું મુશ્કેલ બનશે.

ભૂતકાળમાં રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ પણ ૨ વર્ષની સજા થતાં રદ થયું હતું, પરંતુ સુપ્રીમ કોર્ટે સજા પર સ્ટે આપતા તેમનું પદ પરત મળ્યું હતું. ચૈતર વસાવા માટે પણ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનો સ્ટે જ એકમાત્ર આશાનું કિરણ છે.

જો આગામી દિવસોમાં ઉચ્ચ અદાલત તરફથી ચૈતર વસાવાને તાત્કાલિક રાહત કે સજા પર સ્ટે નહીં મળે, તો વિધાનસભા સચિવાલય દ્વારા તેમની બેઠક ખાલી જાહેર કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં ડેડીયાપાડા બેઠક પર પેટાચૂંટણી યોજવાની નોબત આવી શકે છે. આ બેઠક આદિવાસી રાજકારણનું મોટું કેન્દ્ર હોવાથી આગામી દિવસોમાં અહીં ભારે રાજકીય ઘમસાણ જોવા મળી શકે છે.

હવે આખા ગુજરાતની નજર ઉચ્ચ અદાલતના વલણ અને કાનૂની નિષ્ણાતોની આગામી વ્યૂહરચના પર ટકેલી છે.

### ઉગતા નેતાઓને ડામવાનો આ જૂનો હથકંડો છે?

# રાજકીય પિચ પર પાવર ગેમ : 'જો ડર ગયા વો છૂટ ગયા'...

ગાંધીનગર

ગુજરાતનું રાજકારણ હંમેશાંથી રોચક અને પ્રયોગશીલ રહ્યું છે. અહીં સત્તાના સમીકરણો ક્યારે બદલાઈ જાય તે કહેવું મુશ્કેલ છે. વર્તમાન સમયમાં વિપક્ષના કોઈ નેતા જ્યારે જનતા વચ્ચે લોકપ્રિય થવા લાગે, પરિણામો આપવા લાગે, ત્યારે જ અચાનક તેમના પર કાનૂની સંકટો કેમ ઘેરાવા લાગે છે? આ સવાલ આજે દરેક નાગરિકના મનમાં છે. 'જે ડરી ગયો એ છૂટી ગયો અને જે ન ડર્યો એ જેલ ભેગો થયો' - આ ફોર્મ્યુલા આજે પણ એટલી જ પ્રાસંગિક દેખાઈ રહી છે. વર્તમાન પરિસ્થિતિને સમજવા માટે આપણે ઈતિહાસના પાના ઉથલાવવા પડે. વર્ષ ૨૦૧૭ની એ હાઈપ્રોફાઈલ વિધાનસભા ચૂંટણી યાદ કરો, જ્યારે પાટીદાર આંદોલન ચરમસીમાએ હતું. ધોળકા બેઠક પરથી ભાજપના દિગ્ગજ નેતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા માત્ર ૩૨૭ મતોની પાતળી સરસાઈથી જીતી ગયા હતા. કોંગ્રેસના ઉમેદવારે આ જીતને હાઈકોર્ટમાં પડકારી, લાંબી કાનૂની લડત લડી અને હાઈકોર્ટે સ્વીકાર્યું કે આ જીતમાં ગેરરીતિ થઈ છે અને ચૂંટણી રદ કરી. પરંતુ, સત્તાનો પ્રભાવ જુઓ, આ મામલો તાત્કાલિક સુપ્રીમ કોર્ટમાં લઈ જવાયો, ત્યાંથી સ્ટે (સ્ટે ઓર્ડર) આવી ગયો. પરિણામ એ આવ્યું કે ટર્મ પણ પૂરી થઈ ગઈ અને મામલો પણ પૂરો થઈ ગયો. આ કિસ્સો સાબિત કરે છે કે જ્યારે સત્તા પક્ષના નેતાઓ પર આંચ આવે ત્યારે કાનૂની રાહતો કેટલી ઝડપથી મળી જતી હોય છે. આજે દેશ અને રાજ્યના રાજકારણમાં એક નવી વ્યાખ્યા વણાઈ ગઈ છે. જે નેતાઓ શાસક પક્ષ સામે માથું ઊંચું કરે છે, લોકપ્રિય બને છે કે વ્યવસ્થા સામે સવાલો ઉઠાવે છે, તેમના નસીબમાં જેલના સળિયા અથવા કોર્ટના ચક્કર લખાઈ જાય છે.

બીજી તરફ, એવા પણ નેતાઓ છે જેમના પર ગંભીર આક્ષેપો હોય, પણ જેવા તેઓ 'વોશિંગ મશીન' સમાન સત્તાધારી પક્ષમાં જોડાય કે તરત જ તેમની બધી ભૂલો ધોવાઈ જાય છે અને તેઓ પવિત્ર થઈને સત્તાના મહેલનો આનંદ માણે છે. ગોરખ પાંડેની એ અમર પંક્તિઓ આજે યાદ આવે છે: 'યહાં રાજા બોલા રાત હૈ, રાણી બોલી રાત હૈ, મંત્રી બોલા રાત હૈ, સંતરી બોલા રાત હૈ, યે સુબહ સુબહ કી બાત હૈ...' આ પંક્તિઓ આજના રાજકીય ચિત્રને આબેહૂબ રજૂ કરે છે. સત્તામાં બેઠેલા સર્વેસર્વા જે કહે, હાજી હા કરનારાઓ તેને જ સાચું માની લે છે, ભલે પછી વાસ્તવિકતા કંઈક જુદી જ કેમ ન હોય! વાત બહુ સ્પષ્ટ છે - જો તમે સહેજ પણ ઊંચા થયા, જનતામાં મોટા થયા, લોકપ્રિયતાના શિખરો સર કરવા લાગ્યા અને સત્તાને પડકારવા જેટલા સક્ષમ બન્યા, એટલે સમજી લેવાનું કે તમારા પર મુશ્કેલીઓ આવવાની શરૂ થઈ જશે.

### ઉનાવામાં ઝેરી વરિયાળીનું મોટું કૌભાંડ

# આર્ટિફિશિયલ કલર ભેળવી વેચાતી 4,766 કિલો વરિયાળી સીઝ કરાઈ..

આ કૌભાંડને ફુડ સેફ્ટી ઓફિસર ઉમંગભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને અટકાવવામાં આવ્યું હતું

મહેસાણા

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસાણા દ્વારા મળેલી એક સચોટ બાતમીના આધારે ઉનાવા સ્થિત શિવગંગા એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે આવેલા એક શંકાસ્પદ ગોડાઉન પર ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન ગોડાઉનમાં ચાલતા ભેળસેળના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, વેપારી નીમ કુમાર ગોવિંદભાઈ પટેલના ગોડાઉનમાં વરિયાળીના પાલામાં પ્રતિબંધિત આર્ટિફિશિયલ (કૃત્રિમ) કલર ભેળવવામાં આવતો હતો. હલકી ગુણવત્તાની વરિયાળીને વધુ ગ્રીન (લીલી) અને ચમકદાર બનાવીને ગ્રાહકોને છેતરવા માટે આ ખેલ ખેલાતો હતો. આ કલરયુક્ત ઝેરી વરિયાળીને ૧ કિલોના આકર્ષક પેકિંગમાં પેક કરીને બજારમાં વેચવાની તૈયારી ચાલી રહી હતી. લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરતા આ કૌભાંડને ફુડ સેફ્ટી ઓફિસર ઉમંગભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને અટકાવવામાં આવ્યું હતું. તંત્રએ સ્થળ પરથી આશરે ૪,૭૬૬ કિલોગ્રામ કલરવાળી વરિયાળીનો જથ્થો સીઝ કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૮,૫૭,૮૮૦/- જેટલી થાય છે. જો આ વરિયાળી બજારમાં વહેંચાઈ ગઈ હોત, તો હજારો પરિવારોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું થઈ શકત. કેમિકલ કલરવાળી વરિયાળી પેટની ગંભીર બીમારીઓ અને કેન્સર જેવા રોગો નોતરી શકે છે. તંત્ર દ્વારા વરિયાળીના અલગ-અલગ નમુનાઓ લઈને તેને આગળની પૃથ્થકરણ (લેબોરેટરી) તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. હાલમાં આ મામલે ગોડાઉન સીલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ વેપારી વિરુદ્ધ કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે તેમ ફૂડ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.




# પૂર્વ કાઉન્સિલર પરિવાર પર હુમલો કરનાર કશ્યપ અને કિશોર પ્રજાપતિની પશ્ચિમ પોલીસે કરી અટકાયત

નડિયાદ

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી વૈશાલી સિનેમા પાછળની વિજયનગર સોસાયટીમાં લોહીલુહાણ હુમલાની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. નડિયાદ નગરપાલિકાના ભાજપના પૂર્વ કાઉન્સિલર તૃપ્તિબેન પિયુષભાઈ પટેલ અને તેમના પરિવાર પર નજીવી બાબતે હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે પશ્ચિમ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બે મુખ્ય આરોપીઓની અટકાયત કરી લીધી છે.



વિજયનગર સોસાયટીમાં એક નડતરરૂપ વૃક્ષ કાપવા જેવી સામાન્ય અને નજીવી બાબતે પૂર્વ કાઉન્સિલરના પરિવાર અને પાડોશીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. જો કે, આ વિવાદ એટલો વધી ગયો કે આરોપીઓએ ઉશ્કેરાઈને પૂર્વ કાઉન્સિલર તૃપ્તિબેન પટેલ અને તેમના પરિવારના સભ્યો પર હુમલો કરી દીધો હતો. સોસાયટીની વચ્ચે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ ભારે ફફડાટ ફેલાયો હતો. ઘટના અંગે પૂર્વ કાઉન્સિલરના પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવતા જ નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનની ટીમ એક્શનમાં આવી હતી. પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે તાત્કાલિક ચક્રો ગતિમાન કર્યા હતા અને હુમલો કરનાર બંને શખ્સો કિશોર પ્રજાપતિ અને કશ્યપ પ્રજાપતિને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

### કડી પોલીસની મોટી કાર્યવાહી

# રામેશ્વર સોસાયટીમાંથી લાખોનો વિદેશી દારૂ અને ક્રેટા ગાડી ઝડપાયા

મહેસાણા

મહેસાણા જિલ્લાની કડી પોલીસ સ્ટેશનની ટીમે પ્રોહિબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે હાથ ધરેલી સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત એક મોટી સફળતા મેળવી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કડીની રામેશ્વર સોસાયટીમાં આવેલા એક મકાન અને ગાડીમાંથી મોટા જથ્થામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. કડી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એ.એસ. રબારી અને તેમની સર્વેલન્સ ટીમ જ્યારે પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ જેમરભાઈને એક મહત્વની બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે, કડી-છત્રાલ રોડ પર આવેલી રામેશ્વર સોસાયટીમાં રહેતા ઝાલા વિશાલસિંહ ઉર્ફે વિરમસિંહ ધમેન્દ્રસિંહે પોતાના મકાન નંબર ૯૪ તથા પોતાની ગાડીમાં વિદેશી દારૂનો મોટો સંગ્રહ કર્યો છે અને તેનું વેચાણ કરી રહ્યો છે. આ સચોટ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર રેઈડ કરી હતી. મકાન અને ત્યાં પડેલી સિલ્વર કલરની હ્યુન્ડાઇ ક્રેટા કાર (રજીસ્ટ્રેશન નંબર GJ27AH9370) માં તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન મકાન અને કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧,૩૧૩ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગતવાર માહિતી નીચે મુજબ છે: વિદેશી દારૂની ૧,૩૧૩ બોટલો જેની કિંમત રૂપિયા ૩,૨૧,૧૦૨/- થાય છે.




હ્યુન્ડાઇ ક્રેટા ગાડી જેની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- આંકવામાં આવી છે.

પોલીસે કુલ રૂપિયા ૮,૨૧,૧૦૨/- નો મુદ્દામાલ ઘટનાસ્થળેથી જપ્ત કર્યો છે.

પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી દારૂ અને ગાડી કબજે લીધા છે. જો કે, પોલીસની રેઈડ દરમિયાન મુખ્ય આરોપી ઝાલા વિશાલસિંહ ઉર્ફે વિરમસિંહ ધમેન્દ્રસિંહ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.



હું ડેવિડ ધવનની ખૂબ મોટી ચાહક છું. તેમની ફિલ્મો મારા માટે મિત્રો સાથે કામ કરવા જેવો અનુભવ છે

# માતાના રોલ પર અભિનેત્રી મૌની રોયે ટ્રોલર્સની બોલતી બંધ કરી દીધી

મુંબઈ

મૌની રોયે ડેવિડ ધવનની ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' માં વરુણ ધવનની નકલી માતાની ભૂમિકા ભજવી હતી, જ્યારે આ ફિલ્મનું ટ્રેલર સામે આવ્યું એ સમયથી મૌનીની ચર્ચા થઈ રહી છે. એ સમયે એના છૂટાછેડાની ચર્ચાએ જોર પકડ્યું હતું. એ જ સમયમાં ફિલ્મ આવતા અનેક એવી ચર્ચાઓ થઈ રહી હતી. હવે આ ભૂમિકાને કારણે તેને સોશિયલ મીડિયા પર નોંધપાત્ર ટીકા અને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. મૌની પર થતી કોમેન્ટનો એક સમય બાદ હવે એક્ટ્રેસે દમદાર જવાબ આપી દીધો છે. મૌની આ વિવાદથી દૂર રહે છે. નકારાત્મકતાને બાજુ પર રાખીને, તે કહે છે કે તેનું એકમાત્ર ધ્યાન દિગ્દર્શકના વિઝનને અમલમાં મૂકવા ધ્યાન આપ્યું છે.

આ ફિલ્મ નિર્માતાની પ્રશંસા કરતા, મૌનીએ ડેવિડ ધવન પ્રત્યે ખૂબ જ પ્રશંસા વ્યક્ત કરીને પોતાની ફીલિંગ્સ વ્યક્ત કરી છે. તેમણે સમજાવ્યું કે આ પ્રોજેક્ટ કેમ છોડ્યો નહીં અને કામ કરતી રહી.

અભિનેત્રીએ કહ્યું, 'હું ડેવિડ ધવનની ખૂબ મોટી ચાહક છું. તેમની ફિલ્મો મારા માટે મિત્રો સાથે કામ કરવા જેવો અનુભવ છે. તેણે ઉલ્લેખ કર્યો હતો કે આ તેમની છેલ્લી ફિલ્મ હશે. વધુમાં, તે એક કોમેડી કરતા વાત કહી હતી, હું પહેલી વાર આ આવી ફિલ્મોમાં કામ કરી રહી છું. તેથી હું તેની આતુરતાથી રાહ જોઈ રહી હતી આ ફિલ્મની. મને બધી પ્રમોશનલ પ્રવૃત્તિઓથી દૂર રાખી પણ મને ફિલ્મમાં કામ કરવાનો આનંદ છે. તે એક સમજદાર નિર્ણય હતો, કારણ કે તેનાથી લોકોમાં ફિલ્મમાં હું કઈ ભૂમિકા ભજવી રહી છું તે અંગે ઉત્સુકતા જાગી.ફિલ્મ પહેલા જ્યારે મારી પાસે સ્ક્રિપ્ટ આવી એ સમયે મારો રોલ જાણીને મને પણ આશ્ચર્ય થયું છે. સૌથી પહેલા મને મુકેશ છાબડાનો કોલ આવ્યો હતો. પછી તેણે મને મારા રોલ વિશે વાત કરી હતી.

ટ્રોલર્સને દમદાર જવાબ આપ્યો

મારૂ જ્યારે પહેલી વાર સિલેક્શન થયું અને માતાના રોલ માટેની ઓફર હતી એ સમયે હું પણ ચોંકી ગઈ હતી. હવે વિચારો જ્યારે લોકો એ ડાયલોગ સામે આવ્યો કે, મા કા ફોન નહીં પૂરી મા ચાહિયે એ ઓફ સ્ક્રિન પણ કેટલી કોમેડી કરાવી હશે. આમ પણ દર્શકો પણ માને છે કે, મા તરીકેના રોલ માટે તે ફીટ બેસતી જ ન હતી. પણ નકલી હોવાના કારણે કામ ચાલી ગયું હતું. મને ખ્યાલ છે કે, મેં ફિલ્મમાં શું કામ કર્યું અને કેવું કામ કર્યું છે. મારા કામથી ડાયરેક્ટર ખુશ થયા છે અને ફિલ્મમાં જે પણ લોકો સાથે મેં કામ કર્યું છે એ પણ ખુશ છે. મીડિયા રિપોર્ટ અનુસાર તેણે કહ્યું કે, મને લોકોની કોઈ એવી વાતથી ફરક પડતો નથી.

**એક લાંબા બ્રેક બાદ મૌની ફિલ્મમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણે વરૂણની માતાનો રોલ પ્લે કર્યો હતો. જોકે, જ્યારથી ફિલ્મ આવી એમાં સૌથી વધારે ચર્ચા મૌની રોયની થઇ રહી હતી**

# શ્રદ્ધા કપૂરનો ધમાકો: 'ઈથા' માં જોવા મળ્યો લાવણી અંદાજ

## મેડોક ફિલ્મ્સની બહુપ્રતિક્ષિત આગામી ફિલ્મ "ઈથા" નું સત્તાવાર ટીઝર રિલીઝ થઈ ગયું છે



મુંબઈ

પડે-પડે મરી તો બિચારી કેહલાઉંગી, નાચતે હુએ મરી તો મિસાલ બન જાઉંગી શ્રદ્ધા કપૂરના અવાજમાં ગુંજતો આ દમદાર ડાયલોગ કોઈપણ સિનેમાપ્રેમીને ધ્રૂજારી લાવી દેવા માટે પૂરતો છે. "સ્ત્રી" ફિલ્મ દ્વારા બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારી અભિનેત્રી શ્રદ્ધા કપૂર ફરી એકવાર મોટા પડદા પર એક અદ્ભુત પાત્ર સાથે પાછી ફરી છે. મેડોક ફિલ્મ્સની બહુપ્રતિક્ષિત આગામી ફિલ્મ "ઈથા" નું સત્તાવાર ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં શ્રદ્ધા કપૂરનો ઈન્ટેન્સ, પીડાદાયક અને જબરદસ્ત લુક સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. આ ફિલ્મ મહારાષ્ટ્રની માટી સાથે જોડાયેલી એક અત્યંત પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી વાર્તા છે. તે પ્રખ્યાત લાવણી અને તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરના જીવન અને સંઘર્ષ પર આધારિત છે. વિઠાબાઈએ પોતાની અદભુત કલા અને ઘૂંઘરૂના ઝણકારથી પેઢીઓ સુધી લોકોના દિલ પર રાજ કર્યું હતું. કલા જગતમાં તેમના અતુલ્ય અને ઉત્કૃષ્ટ યોગદાન બદલ વર્ષ 1990 માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેમને ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમનું જીવન હિંમત અને કલા પ્રત્યેના અસાધારણ જુસ્સાનું પ્રતીક છે. ફિલ્મના આ 2 મિનિટ 3 સેકન્ડના ટૂંકા ટીઝરમાં શ્રદ્ધા કપૂરનું શારીરિક અને અભિનયનું પરિવર્તન સૌથી વધુ ચર્ચાનો વિષય બન્યું છે. ટીઝર લાવણીની ગ્લેમરસ દુનિયા પાછળ છુપાયેલા વિઠાબાઈના કઠોર અને ભયાનક સત્યને ઉજાગર કરે છે. સ્ટેજ પર નૃત્ય કરતી વખતે શ્રદ્ધાના ચહેરાના હાવભાવ અને પગના ધબકારા સીધા દર્શકોના દિલને સ્પર્શી જાય છે. ફિલ્મ વિવેચકોના મતે, આ રોલ શ્રદ્ધા કપૂરની અત્યાર સુધીની કારકિર્દીનો સૌથી શક્તિશાળી અને યાદગાર રોલ સાબિત થશે. શ્રદ્ધા કપૂર આ પડકારજનક પાત્ર માટે કેમ સૌથી યોગ્ય પસંદગી છે, તેની પાછળ તેનું કૌટુંબિક પૃષ્ઠભૂમિ મહત્ત્વનો ભાગ ભજવે છે. શ્રદ્ધાની માતા શિવાંગી કોલ્હાપુરે એક મરાઠી પરિવારમાંથી આવે છે, જેના કારણે શ્રદ્ધા ખૂબ જ સહજતાથી શુદ્ધ મરાઠી ભાષા બોલી શકે છે.

# 'ધર્મન'નું ફર્સ્ટ લુક જોઈ ફેન્સ ચોંક્યા, ડૉક્ટરના અવતારમાં રજનીકાંત

## 'જેલર-2'ની રાહ જોઈને બેઠેલા ફેન્સને આ ફિલ્મનું પોસ્ટર આવતા વધુ એક સરપ્રાઈઝ મળી છે

મુંબઈ

સાઉથના સુપરસ્ટાર અને થલાઈવા- રજનીકાંત એક બ્રેકબાદ ફરી બિગ સ્ક્રિન પર પોતાની અદા તથા એક્શન બતાવવા માટે આવી રહ્યા છે. નવી ફિલ્મમાં રજનીકાંતનો એક નવો અવતાર જોવા મળશે. કમલ હસનના બેનર નીચે તૈયાર થયેલી ફિલ્મનું નામ 'ધર્મન' છે. આ ફિલ્મના રિલીઝ થયેલા પોસ્ટરમાં રજનીકાંત એક ડૉક્ટરના અવતારમાં જોવા મળી રહ્યા છે. આ ફિલ્મને અશ્વથ મારીમુથુએ ડાયરેક્ટ કરી છે. આ ફિલ્મનું શુટિંગ ચેન્નઈમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મની દુનિયામાં દમદાર કેમબેક સાથે એમની આ ફિલ્મ આવી રહી છે. પણ ચર્ચા એવી પણ છે કે,'જેલર-2' પણ ફિલ્મ આવી રહી છે.આ ફિલ્મ આ વર્ષે જ રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં ઋત્વિક રોશન મહેમાન કલાકાર તરીકે પણ જોવા મળશે. 'ધર્મન' ફિલ્મમાં રજનીકાંત લીડ રોલ પ્લે કરી રહ્યા છે, એમની સાથે રાશી ખન્ના અને સિમરન લીડ રોલ પ્લે કરશે.

ફિલ્મમેકર્સે હજુ સુધી સમગ્ર સ્ટારકાસ્ટમાં કોણ છે એ અંગે કોઈ પ્રકારની જાહેરાત કરી નથી.આ ફિલ્મમાં સંગીત અનિરૂદ્ધ રવિચંદર આપશે, જ્યારે સિનેમેટોગ્રાફીની જવાબદારી નિકેત બોમ્મીની છે. એડિટિંગ પ્રદીપ રાઘવ અને એક્શન અનબારિવને સોંપવામાં આવ્યું છે. મેકર્સે ખુદ એકવાત નક્કી કરી છે કે, આ ફિલ્મમાં રજનીકાંત ડૉક્ટરના રૂપમાં જોવા મળશે. ફિલ્મમાં પરિવારની ભાવના અને થ્રિલર એલિમેન્ટ ભરપૂર હશે. આ એક કમર્શિયલ એન્ટરટેઈનર ફિલ્મ હશે. આ ફિલ્મ શેના પર છે અને વિષય શું છે એના પર હજુ સુધી સસ્પેન્સ યથાવત છે. ફેન્સ જાણવા ઈચ્છે છે કે, આખરે આ સસ્પેન્સ શું છે અને વિષય શું છે.

પોસ્ટરમાં જોઈ શકાય છે કે, રજનીકાંત મેડિકલ સ્ક્રબ છે અને એક વ્યક્તિ પર પગ મૂકીને ઊભા છે. એવું લાગે છે કે, આની સાથે મારપીટ કરવામાં આવી છે. આ ફિલ્મ પર મેકર્સે તમિલમાં કેપ્શન લખ્યું છે. ' 'જેનો અર્થ થાય છે કે, ન્યાયની જીત થશે. આ ખૂબ જ રસપ્રદ પોસ્ટર છે. આ પોસ્ટર સામે આવતા ફેન્સ માટે ફરી એકવાર ઈન્તેઝારી વધી ગઈ છે. ફેન્સ હવે આ ફિલ્મનું ટિઝર ક્યારે આવશે એની રાહ જોઈને બેઠા છે. હાથમાં ચાકુ છે અને શરીર પર ઘાવ સાથ લોહીના ડાઘ છે. આ વખતે એના હાથમાં એક સસ્પેન્સ બ્રેસલેટ પણ જોવા મળી રહ્યું છે. જોકે, ફિલ્મની વાર્તા શું છે અને વિષય શું છે એ અંગે કોઈ પ્રકારની માહિતી સામે આવી નથી.






# બોક્સ ઓફિસ પર 'મૈં વાપસ આઉંગા'નો દબદબો, 12મા દિવસે કમાણીમાં ઉછાળો

## આ ફિલ્મ લાંબી રેસનો ઘોડો સાબિત થઈ રહી છે અને મલ્ટિપ્લેક્સમાં તેની પકડ હજુ પણ મજબૂત છે. આ ફિલ્મ હવે કેટલા રેકોર્ડની કમાણી કરે છે તે જોવાનું રહેશે


મુંબઈ

ભારતમાં લોકો સિનેમા પાછળ ઘેલા છે, કોઈ સારી ફિલ્મ બોક્સ ઓફિસ પર આવે એટલે કમાણીનો આંકડો કરોડોને પાર પહોંચી જાય છે. બોલિવુડ સુપરસ્ટાર દિલજીત દોસાંજ (Diljit Dosanjh) અને જાણીતા ડાયરેક્ટર ઈમ્તિયાઝ અલીની જોડી ફરી એકવાર સિનેમાઘરોમાં જાદુ ચલાવવામાં સફળ રહી છે. ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' (Main Wapas Aaunga) ને રિલીઝ થયે 12 દિવસ પૂરા થઈ ગયા છે અને રસપ્રદ વાત એ છે કે, સમય જતાં આ ફિલ્મની કમાણીની રફતાર સતત વધી રહી છે. કમાણીનું સૌથી મોટું કારણે સોશિયલ મીડિયા છે. સોશિયલ મીડિયા પર દર્શકો તરફથી મળી રહેલા શાનદાર અને પોઝિટિવ રિસ્પોન્સના કારણે ફેન્સે આ ફિલ્મને અત્યારથી જ 'કલ્ટ ક્લાસિક' નો દરજ્જો આપી દીધો છે. વીકએન્ડ પૂરો થયા બાદ પણ વર્કિંગ ડેઝમાં આ ફિલ્મની કમાણીમાં બમણો ઉછાળો જોવા મળ્યો છે. આ ફિલ્મે પોતાના બીજા મંગળવારે ભારતીય બોક્સ ઓફિસ પર રૂપિયા 03.10 કરોડની શાનદાર કમાણી કરી છે. હિન્દી બેલ્ટમાં આ દિવસે ફિલ્મની ઓક્યુપન્સી 41% રહી હતી. નોંધનીય છે કે, આ ફિલ્મ તેના પહેલા અઠવાડિયા કરતા બીજા અઠવાડિયામાં વધુ સારી કમાણી કરીને નવો ટ્રેન્ડ સેટ કરી રહી છે, જેને જોઈને મેકર્સ પણ ખુશખુશાલ થઈ ગયા છે. આ ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન રૂપિયા 50 કરોડની નજીક પહોંચી ગયું છે. દિલજીત દોસાંજ સ્ટારર આ રોમેન્ટિક-ડ્રામા ફિલ્મે અત્યાર સુધીમાં બોક્સ ઓફિસ પર મજબૂત પકડ જાળવી રાખી છે. કલેક્શનના આંકડાની વાત કરવામાં આવે તો, આ ફિલ્મે ભારતમાં અત્યાર સુધીમાં 29.85 કરોડનું કલેક્શન થયું છે. ભારતામાં ગ્રોસ કલેક્શન 35.54 કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું છે. વૈશ્વિક કમાણીની વાત કરવામાં આવે તો, આ ફિલ્મે 48.14 કરોડ રૂપિયા થઈ ગઈ છે. બે અઠવાડિયા પછી પણ આ ફિલ્મે ફરી કમાણીમાં રફતાર પકડી છે. આ વીકેન્ડમાં પણ સારી કમાણી કરશે તેવું લાગી રહ્યું છે. થિયેટરોમાં વેદાંગ રૈના અને શરવરી વાઘની રોમેન્ટિક કેમિસ્ટ્રી દર્શકોને ખૂબ જ પસંદ આવી રહી છે અને લોકો તેમના દિવાના બન્યા છે. આ સાથે જ વરિષ્ઠ અભિનેતા નસીરુદ્દીન શાહની દમદાર એક્ટિંગના પણ ચારેય તરફ વખાણ થઈ રહ્યા છે.

# તારક મહેતા કા ઉલટા ચશ્મા'ના 'બાઘા'ના પિતા અને જાણીતા અભિનેતા અરવિંદ વેકરિયાનું નિધન

મુંબઈ

ગુજરાતી નાટક અને થિયેટર સૃષ્ટિના એક સુવર્ણ યુગનો અંત આવ્યો છે. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ધારાવાહિકમાં 'બાઘા' ના લોકપ્રિય પાત્રથી દેશભરમાં જાણીતા બનેલા અભિનેતા તન્મય વેકરિયાના પિતા અને રંગભૂમિના પીઢ કલાકાર અરવિંદ વેકરિયાનું દુઃખદ અવસાન થયું છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર મનોરંજન ઈન્ડસ્ટ્રી અને તેમના બહોળા ચાહકવર્ગમાં ભારે શોકની લહેર દોડી ગઈ છે. 'તારક મહેતા...' માં પણ ભજવ્યો હતો યાદગાર કેમિયો અરવિંદ વેકરિયાએ દાયકાઓ સુધી પોતાના અદભુત અભિનય અને અનોખી કલા શૈલીથી દર્શકોના દિલ જીત્યા હતા. નાટકો ઉપરાંત તેમણે કેટલીક ટીવી સિરિયલોમાં પણ યાદગાર કામ કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે, જે ટીવી શોથી તેમના પુત્ર તન્મયને ભારે લોકપ્રિયતા મળી, તે જ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સિરિયલમાં અરવિંદભાઈએ પણ એક ઝવેરી (જ્વેલર) નું પાત્ર ભજવીને શાનદાર કેમિયો રોલ કર્યો હતો. અભિનયનો વારસો અને લોકપ્રિય નાટકોની સફર અરવિંદ વેકરિયા મુખ્યત્વે કૌટુંબિક અને હાસ્ય પ્રધાન નાટકોના માસ્ટર ગણાતા હતા. તેમણે માત્ર અભિનય જ નહીં, પરંતુ કેટલાક નાટકોના દિગ્દર્શન (ડાયરેક્શન) માં પણ પોતાની



કુશળતા સાબિત કરી હતી. તેમની અભિનય સફરના અગ્રણી અને લોકપ્રિય નાટકો નીચે મુજબ છે: અજબ કરામત: સિદ્ધાર્થ રાંદેરિયા જેવા દિગ્ગજ કલાકાર સાથેનું આ એક સુપરહિટ કોમેડી નાટક હતું. ઘર ઘરની વાત: આ કૌટુંબિક નાટકમાં તેમણે અભિનય કરવાની સાથે ડાયરેક્શનની જવાબદારી પણ ખૂબ જ સુંદર રીતે નિભાવી હતી. રિટર્ન ટિકિટ: પ્રખ્યાત લેખક નિરેન ભટ્ટ દ્વારા લિખિત આ હાસ્ય નાટકમાં પણ તેમનો રોલ ઘણો પ્રશંસનીય રહ્યો હતો. અન્ય નોંધપાત્ર નાટકો: આ સિવાય 'બાપા કમાલ દીકરા ધમાલ', 'ગુજ્જુભાઈની ગોલમાલ' જેવા નાટકોમાં અભિનય તેમજ 'ચિનગારી', 'જીવન ચોપાટ' અને 'શિકાર' જેવા નાટકોનું સફળ દિગ્દર્શન કરીને તેમણે નવી પેઢીના કલાકારો માટે એક ઉત્તમ પ્રેરણા પૂરી પાડી હતી.

## રોનાલ્ડો 6 વર્લ્ડકપમાં ગોલ કરનાર પહેલો ફૂટબોલર, ઉઝબેકિસ્તાનને 5-0થી હરાવ્યું

# પોર્ટુગલ માટે રોનાલ્ડો બે ગોલ ફટકારી રેકોર્ડ બનાવ્યો

વૉશિંગ્ટન

પોર્ટુગલના કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડો 6 ફૂટબોલ વર્લ્ડકપમાં ગોલ કરનાર દુનિયાના પ્રથમ ખેલાડી બની ગયો છે. 41 વર્ષના રોનાલ્ડોએ હ્યુસ્ટન સ્ટેડિયમમાં ઉઝબેકિસ્તાન સામે છઠ્ઠી મિનિટે ગોલ કરીને આ રેકોર્ડ બનાવ્યો. ત્યારબાદ તેણે 39મી મિનિટે બીજો ગોલ પણ કર્યો. આ જ ગોલની મદદથી પોર્ટુગલે 5-0થી જીત મેળવી.

રોનાલ્ડો પોર્ટુગલ માટે વર્લ્ડકપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી પણ બન્યો. તેના નામે 10 ગોલ છે. તેણે પોર્ટુગલના સ્ટ્રાઈકર યુસેબિયોના 9 ગોલને પાછળ છોડ્યા. રોનાલ્ડોએ 2006, 2010, 2014, 2018, 2022 અને હવે 2026 વર્લ્ડકપમાં ગોલ કર્યા છે. તેના પછી આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સી છે. તેણે 2010 સિવાય 2006, 2014, 2018, 2022 અને 2026 વર્લ્ડ કપમાં ગોલ કર્યા છે. પોર્ટુગલ માટે રોનાલ્ડો ઉપરાંત નુનો મેન્ડેસ (17મી મિનિટ) અને રાફેલ લેઓ (87મી મિનિટ)એ ગોલ કર્યા. 59મી મિનિટે ઉઝબેકિસ્તાનના ગોલકીપર અબ્દુવોહિદ નેમાતોવથી બોલ અથડાઈને ગોલમાં જતો રહ્યો. તેને ઑન ગોલ માનવામાં આવ્યો. પોર્ટુગલે મેચની શરૂઆતથી જ દબાણ બનાવી રાખ્યું હતું અને ફર્સ્ટ હાફના અંત સુધીમાં ટીમ 3-0થી આગળ હતી. 06મી મિનિટ: ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ મેચનો પ્રથમ અને પોતાનો પર્સનલ પહેલો ગોલ કરીને પોર્ટુગલને 1-0ની લીડ અપાવી.

17મી મિનિટ: નુનો મેન્ડિસે શાનદાર ફિલ્ડ ગોલ કરીને સ્કોર 2-0 કર્યો.

39મી મિનિટ: રોનાલ્ડોએ મેચમાં પોતાનો બીજો ગોલ ફટકારીને ટીમને 3-0ની મજબૂત સ્થિતિમાં લાવી દીધી. (રોનાલ્ડો ફર્સ્ટ હાફમાં હેટ્રિક કરવાની



ખૂબ જ નજીક હતા, પરંતુ ડિફેન્ડર્સે ગોલ લાઇન પરથી બોલ રોકી લીધો હતો).

60મી મિનિટ: ઉઝબેકિસ્તાનના ગોલકીપર અબ્દુવોહિદ નેમાતોવ દ્વારા ઓન-ગોલ થતાં પોર્ટુગલની લીડ 4-0 થઈ. 87મી મિનિટ: રાફેલ લેઆઓ એ મેચનો છેલ્લો અને પાંચમો ગોલ કરીને ઉઝબેકિસ્તાન સામે 5-0થી ઐતિહાસિક જીત સુનિશ્ચિત કરી. રોનાલ્ડોએ રચ્યો નવો ઈતિહાસ: તોડ્યો મેસ્સીનો રેકોર્ડ આ મેચ દરમિયાન 41 વર્ષના ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ફૂટબોલ જગતમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. તે વિશ્વનો એવો પ્રથમ ખેલાડી બની ગયો છે જેણે 6 અલગ-અલગ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં ગોલ નોંધાવ્યો હોય. આ સાથે જ તેણે લિયોનેલ મેસ્સીના વર્લ્ડ કપ રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે. ગોલ કર્યા બાદ રોનાલ્ડોએ પોતાની આગવી 'SIUUU' સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું હતું અને સાથી ખેલાડીઓ સાથે ખુશી વ્યક્ત કરી હતી.

## વૈભવ પછી હવે નાનો ભાઈ આશીર્વાદ સૂર્યવંશી ચર્ચામાં: 119 બોલમાં 168 રનની વિસ્ફોટક ઈનિંગ રમી

મુંબઇ

15 વર્ષના વૈભવ સૂર્યવંશીના નાના ભાઈ આશીર્વાદે ફરી તોફાની ઈનિંગ્સ રમી. તેણે એક સ્થાનિક ટુર્નામેન્ટમાં 119 બોલમાં 168 રન બનાવ્યા. તેની ઈનિંગ્સમાં 19 ચોગ્ગા અને 6 છગ્ગાનો સમાવેશ થતો હતો.

10 વર્ષના આશીર્વાદે બુધવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીથી પોતાની ઈનિંગ્સની જાણકારી આપી. તેની ઈનિંગ્સના જોરે ઋષભ-11એ સમસ્તીપુરમાં રમાયેલી સ્થાનિક મેચમાં વૈશાલી-11ને હરાવ્યું. પિતા સંજીવ કહી ચૂક્યા છે કે તેઓ આશીર્વાદને પણ આગામી બે વર્ષમાં વૈભવની જેમ શ્રેષ્ઠ ક્રિકેટર બનાવવા માગે છે. આશીર્વાદ સૂર્યવંશી બિહારમાં ક્રિકેટની ટ્રેનિંગ લઈ રહ્યો છે. આશીર્વાદની છેલ્લી સદી પછી પિતા સંજીવ સૂર્યવંશીએ પણ સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે, મારા નાના દીકરા આશીર્વાદ સૂર્યવંશીએ આજે પ્રેક્ટિસ મેચમાં પોતાની પહેલી સદી ફટકારી. આપ સૌને વિનંતી છે કે આશીર્વાદ પર પણ પોતાનો પ્રેમ અને આશીર્વાદ જાળવી રાખજો. વૈભવ સૂર્યવંશીને 2 ભાઈઓ છે. તેના મોટા ભાઈનું નામ ઉજ્જવલ સૂર્યવંશી છે, જ્યારે સૌથી નાનો ભાઈ આશીર્વાદ સૂર્યવંશી છે. પિતા સંજીવ સૂર્યવંશી અને માતા આરતી સૂર્યવંશીએ બંને પુત્રોની ક્રિકેટ કારકિર્દીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આશીર્વાદ રાઈટ હેન્ડેડ બેટર છે, જ્યારે વૈભવ લેફ્ટી બેટિંગ કરે છે. જોકે, બંનેની બેટિંગ અપ્રોચ એકસરખી છે. આશીર્વાદ પોતાના મોટા ભાઈની જેમ આક્રમક બેટિંગ કરે છે.

### નિવૃત્તિ બાદ 5 દેશોમાં આપ્યું હતું કોચિંગ

## માત્ર 59 મેચોમાં 330 વિકેટ લેનાર પૂર્વ બોલરનું નિધન

ઓકલેન્ડ

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં માત્ર 59 મેચો રમીને 330 વિકેટ લેનાર ન્યૂઝીલેન્ડના પૂર્વ ફાસ્ટ બોલર બૉબ બ્લેયર બર્થડેના દિવસે જ દુનિયાને અલવિદા કહી ગયા છે. જે દિવસે તેમનું નિધન થયું તે દિવસે તેમનો 94મો જન્મ દિવસ હતો. તેમની જીવનની સૌથી દુઃખદ ક્ષણ એ હતી કે, તેમની પત્નીનું તાંગીવાઈ રેલ દુર્ઘટનામાં મોત થયું હતું, તેમ છતાં તેઓ પત્નીના મોતના આઘાત વચ્ચે પણ મેદાન પર ઉતર્યા હતા. બ્લેયરના નિધનથી ક્રિકેટ જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને તેમના માનમાં ન્યૂઝીલેન્ડની ટીમે ઈંગ્લેન્ડ સામે કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરીને શ્રદ્ધાંજલી આપવાની છે. બ્લેયરની દમદાર બોલિંગ બ્લેયરના ક્રિકેટ કેરિયરની વાત કરીએ



તો, તેમણે 1952થી 1964 દરમિયાન ન્યૂઝીલેન્ડ માટે 19 ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેમણે 35ની સરેરાશથી 43 વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત તેમણે ઘરેલુ ક્રિકેટમાં પણ દમદાર પ્રદર્શન કર્યું હતું. બ્લેયરે પ્રથમ શ્રેણી ક્રિકેટમાં માત્ર 59 મેચો રમીને 15ની સરેરાશથી 330 વિકેટ ઝડપી હતી.

તેમણે મોટાભાગની મેચો વેલિંગટન માટે રમી, જ્યારે કેટલી મેચોમાં તેઓ ડિસ્ટ્રિક્ટ્સ તરફથી પણ મેદાનમાં ઉતર્યા હતા. બ્લેયર ક્રિકેટ કેરિયરમાં સૌથી શ્રેષ્ઠ વર્ષ 1956-57નું હતું, જેમાં તેમણે માત્ર 9ની સરેરાશથી 46 વિકેટો ખેરવી હતી. આ દરમિયાન તેમણે એક જ ઈનિંગમાં બે વખત 9 વિકેટો ઝડપી હતી. તેમના જીવનમાં સૌથી દુઃખ સમય ત્યારે આવ્યો હતો, જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ સ્થિત એલિસ પાર્કમાં બીજી ટેસ્ટ રમી રહ્યા હતા.

## IPLમાં પંત-કુલદીપ બાદ હાર્દિકની ટીમ બદલાવાની ચર્ચા

### પહેલા રાજસ્થાન રોયલ્સનું નામ ચર્ચામાં હતું, પરંતુ હવે આ રેસમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પણ કૂદી પડ્યું

મુંબઈ

IPL ટ્રેડિંગ વિન્ડોમાં રિષભ પંત અને કુલદીપ યાદવ દિલ્હી કેપિટલ્સથી લખનૌ સુપર જાયન્ટ્સમાં ગયા બાદ હવે ભારે ખળભળાટ મચ્યો છે. હવે બધી નજર મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર છે, જે મુંબઈની ટીમ છોડવાની પૂરેપૂરી તૈયારી કરી ચૂક્યો હોવાના અહેવાલો છે. હાર્દિકને પોતાની ટીમમાં સામેલ કરવા માટે ઘણી ફ્રેન્ચાઈઝીઓ ઉત્સુક છે. પહેલા રાજસ્થાન રોયલ્સનું નામ ચર્ચામાં હતું, પરંતુ હવે આ રેસમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પણ કૂદી પડ્યું છે. કેકેઆરએ તો હાર્દિક પંડ્યાને પોતાની ટીમમાં લાવવા માટે કેપ્ટન પદની પણ ઓફર આપી દીધી છે. હાર્દિક પંડ્યાનું MI સાથે અનિશ્ચિત ભવિષ્ય અત્યાર સુધીના અહેવાલો મુજબ હાર્દિક પંડ્યા અને યશસ્વી જયસ્વાલની ટ્રેડ મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન



રોયલ્સ વચ્ચે થઈ શકે છે, પરંતુ હવે નવો અહેવાલ એ છે કે કેકેઆર આ ઓલરાઉન્ડરને પોતાની સાથે જોડવા માટે પૂરો પ્રયાસ કરી રહી છે. હાર્દિક પંડ્યાનું મુંબઈ ઈન્ડિયન્સ સાથેનું ભવિષ્ય સ્પષ્ટ નથી અને આ IPL 2026 પૂર્ણ થયા પછી જ દેખાઈ ગયું હતું. સોશિયલ મીડિયા પર તેની શરૂઆત સૌપ્રથમ ફોલો-અનફોલોથી થઈ હતી. મુંબઈ તેમની કેપ્ટન્સીમાં 3 સીઝન રમી છે, જેમાંથી 2 સીઝન ખૂબ જ ખરાબ સાબિત થઈ છે. મીડિયા અહેવાલો અનુસાર, કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઈન્ડિયન્સના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે હાર્દિક પંડ્યાની ટ્રેડિંગને લઈને ગંભીર ચર્ચા ચાલી રહી છે. જો હાર્દિક પંડ્યા કેકેઆરની ટીમમાં જોડાશે, તો તેને કેપ્ટન બનાવવામાં આવશે તે નક્કી છે. છેલ્લા 2 સીઝનથી અજિંક્ય રહાણે કેકેઆરનો કેપ્ટન રહ્યો છે, પરંતુ ટીમ માટે તેઓ બહુ સારો વિકલ્પ સાબિત થયો ન હતો. ઓલ કેશ ડીલ અંગે પણ વિચારણા અહેવાલો અનુસાર, હાર્દિક પંડ્યાની આ ડીલમાં માત્ર કેપ્ટનશીપ જ એકમાત્ર મોટી વાત નથી, પરંતુ કોલકાતા નાઈટ રાઈડર્સ આ ટ્રેડ માટે પૂરેપૂરા પૈસા ચૂકવીને 'ઓલ-કેશ ડીલ' કરવા પર પણ વિચાર કરી રહ્યું છે. જોકે, મુંબઈ ઈન્ડિયન્સ સીધા પૈસા લેવાનું પસંદ કરશે કે બદલામાં કોઈ ખેલાડી માંગશે, તે હજુ નક્કી નથી. IPLના નિયમો પ્રમાણે, કોઈ પણ ખેલાડી બીજી ટીમ સાથે સીધી વાતચીત કરી શકતો નથી; બધી ચર્ચા બંને ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે જ થવી જરૂરી છે. આ સાથે જ, ટ્રેડિંગ માટે ખેલાડીની મંજૂરી પણ એટલી જ મહત્ત્વની છે. જો ખેલાડી નવી ટીમમાં જવા માટે ના પાડી દે, તો તેણે સીધા ઓક્શન (હરાજી)માં જવું પડે છે. જો જોવામાં આવે તો, હાર્દિક પંડ્યાના બદલામાં યશસ્વી જયસ્વાલને લેવાનો સોદો મુંબઈ ઈન્ડિયન્સ માટે ઘણો ફાયદાકારક સાબિત થઈ શકે તેમ છે. મુંબઈને અત્યારે એક મજબૂત ઓપનરની જરૂર છે અને જયસ્વાલ તે કમી પૂરી કરી શકે છે. વળી, જયસ્વાલ મુંબઈનો જ હોવાથી તે વાનખેડે સ્ટેડિયમની પિચને ખૂબ સારી રીતે સમજે છે.



### IT-બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી

## સેન્સેક્સ 791 પોઈન્ટ વધીને 76,991 પર બંધ

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 24 જૂને તેજી રહી. સેન્સેક્સ 791 પોઈન્ટ વધીને 76,991 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 198 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,022 પર બંધ થયો. આજે IT, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. શેરબજારમાં તેજીના કારણો સસ્તું તેલ: બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત 1% ઘટીને 76.29 ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ. ઈરાન યુદ્ધ પછી હોર્મુઝમાં ફસાયેલા તેલ ટેન્કરો બહાર નીકળવાના સમાચારોથી કિંમતો ઘટી, જેનાથી બજારને રાહત મળી છે. વિદેશી રોકાણકારોની વાપસી: છેલ્લા કેટલાક સમયથી સતત વેચવાલી કરી રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે 17.86 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. આ ખરીદીથી બજારનું સેન્ટિમેન્ટ સુધર્યું છે. ભારત-અમેરિકા ટ્રેડ ડીલની અપેક્ષા:



એક સિનિયર અમેરિકી અધિકારી અનુસાર, ભારત અને અમેરિકા એક મોટા દ્વિપક્ષીય વ્યાપાર કરારની ખૂબ નજીક છે. આ સમાચારથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. એશિયન બજારોમાં મજબૂતી: ઘરેલું બજારને ગ્લોબલ માર્કેટમાંથી સારા સંકેતો મળ્યા. એશિયાના મુખ્ય બજારોમાં સાઉથ કોરિયાનો 'કોસ્પી' અને હોંગકોંગનો 'હેંગસેંગ' તેજી સાથે કારોબાર કરી રહ્યા હતા. IT શેરોમાં ખરીદી: આઈટી સેક્ટરના શેરોમાં જોરદાર ખરીદી જોવા મળી. ટેક મહિન્દ્રા (2.6%), ઈન્ફોસિસ (1.3%) અને ટીસીએસ (0.6%) માં આવેલી તેજીએ નિફ્ટીને ટેકો આપ્યો છે. પ્રાઈવેટ બેંકોના શેર વધ્યા: બજારના હેવીવેઈટ શેર જેમ કે ICICI બેંક અને HDFC બેંકમાં ભારે ખરીદી થઈ, જેના કારણે બેંક નિફ્ટીમાં 1.5% થી વધુની તેજી જોવા મળી રહી છે. અદાણી ગ્રુપ ભવિષ્ય માટે પોતાને તૈયાર કરી રહ્યું છે અદાણી ગ્રુપની વાર્ષિક જનરલ મીટિંગ (AGM) 2026માં ચેરમેન ગૌતમ અદાણીએ ત્રણ મોટી યોજનાઓ વિશે જણાવ્યું. આનો હેતુ ગ્રુપના કામને મજબૂત બનાવવાનો, કાર્યક્ષમતા (કામ કરવાની ક્ષમતા) સુધારવાનો અને કર્મચારીઓના કલ્યાણને પ્રોત્સાહન આપવાનો છે. અદાણીએ કહ્યું કે ગ્રુપ માત્ર આર્થિક અને તકનીકી બદલાવો પર નજર નથી રાખી રહ્યું, પરંતુ ભવિષ્ય માટે પોતાને તૈયાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અમે હવે તે પસંદગીની ગ્લોબલ કંપનીઓમાંથી એક છીએ, જે માત્ર ભવિષ્યની રાહ નથી જોઈ રહી, પરંતુ તેના માટે સંપૂર્ણપણે તૈયાર છે. સેન્સેક્સ મંગળવાર, 23 જૂને 893 પોઈન્ટના ઘટાડા સાથે 76,200 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 278 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,824 પર બંધ થયો હતો.

### સોનું ઓલ ટાઇમ હાઈથી ₹31,333 નો ઘટાડો

## અદાણી ગ્રુપની 34મી AGM: અદાણી ગ્રુપનું ₹1.53 લાખ કરોડનું રેકોર્ડ રોકાણ

મુંબઈ

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ આજે 24 જૂને ગ્રુપની 34મી વાર્ષિક સામાન્ય સભામાં ભવિષ્યનો રોડમેપ રજૂ કર્યો છે. ગ્રુપે નાણાકીય વર્ષ 2026માં કોઈપણ ભારતીય કોર્પોરેટ દ્વારા સૌથી વધુ 1.53 લાખ કરોડનો રેકોર્ડ કેપિટલ એક્સપેન્ડિચર કર્યો છે. ચેરમેને આ વર્ષની AGMની થીમ 'એક્સિલરેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લેવરેજિંગ ઈન્ટેલિજન્સ' નક્કી કરી છે. ગૌતમ અદાણીએ કહ્યું- 'ભારતનું ભવિષ્ય રાહ જોઈ શકે નહીં' ગૌતમ અદાણીએ પોતાના સંબોધનની શરૂઆત ગયા વર્ષની સફરને યાદ કરીને કરી. તેમણે કહ્યું કે ગયું વર્ષ દુનિયા માટે વધુ વિખરાયેલું રહ્યું, જ્યાં ઊર્જા સુરક્ષાના મોડેલ રાષ્ટ્રીય રણનીતિના કેન્દ્રમાં પાછા ફર્યા અને ટેકનોલોજી સાર્વભૌમત્વ સાથે જોડાઈ ગઈ. અદાણીએ જણાવ્યું કે આ અસાધારણ તપાસ અને પડકારો છતાં



અદાણી ગ્રુપ આ દૃઢ વિશ્વાસ સાથે ટકી રહ્યું કે ભારતનું ભવિષ્ય રાહ જોઈ શકે નહીં. ગ્રુપે FY26માં 1.53 લાખ કરોડથી વધુનું કેપેક્સ રોકાણ કર્યું, જે આ વર્ષે ભારતના કુલ નવા ખાનગી ક્ષેત્રના કેપેક્સના 30% થી વધુ છે. શેરધારકો પાસેથી મળેલ 25,000 કરોડનો રાઈટ્સ ઈશ્યૂ આ વાતનો પુરાવો છે. ગ્રુપની નાણાકીય સ્થિતિ: માર્કેટ કેપ 20 લાખ કરોડની નજીક એજીએમમાં ગ્રુપના નાણાકીય પ્રદર્શન અને દેવાના આઉટલુકને લઈને મહત્વપૂર્ણ તથ્યો સામે આવ્યા છે: માર્કેટ કેપ અને એબિટડા: અદાણી ગ્રુપનું માર્કેટ કેપ 20 લાખ કરોડની નજીક પહોંચી ગયું છે, જેમાં એકલા વર્ષ 2026માં 5 લાખ કરોડનો વધારો થયો છે. ગ્રુપે FY26 માટે 94,834 કરોડનો રેકોર્ડ એબિટડા નોંધાવ્યો છે, જે ગયા વર્ષ કરતાં 5.6% વધુ છે. આમાં કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસનું યોગદાન 87% રહ્યું.

એસેટ બેઝ અને કેશ બેલેન્સ: ગ્રુપનો કુલ એસેટ બેઝ વધીને 7.85 લાખ કરોડ થઈ ગયો છે કારણ કે એનર્જી, યુટિલિટીઝ, ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સમાં રોકાણ વધારવામાં આવ્યું છે. કુલ ખર્ચનો લગભગ 80% કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ પર ખર્ચ થયો. ગ્રુપ પાસે FY26 ના અંતે 55,852 કરોડનું કેશ બેલેન્સ હતું, જે કુલ દેવાના 15% છે.

### સેબીએ માર્કેટમાંથી પ્રતિબંધિત કર્યું

## રાજેશ એક્સપોર્ટ્સના 9 ઠેકાણાઓ પર EDના દરોડા

### ED અનુસાર, કંપનીના ખાતામાં જેટલું સોનું દર્શાવવામાં આવ્યું હતું, સ્થળ પર ભૌતિક સ્ટોક તેના કરતાં 40% ઓછો મળ્યો છે, 190 કરોડ રૂપિયા ગેરકાયદેસર રીતે મોકલવામાં આવ્યા

મુંબઈ

ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જ્વેલરી બનાવતી કંપની રાજેશ એક્સપોર્ટ્સ અને તેના પ્રમોટર્સ સાથે સંકળાયેલા મુંબઈ અને બેંગલુરુના 9 સ્થળો પર દરોડા પાડ્યા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તપાસ એજન્સીએ આ કાર્યવાહી FEMA એટલે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ કરી હતી. તપાસ દરમિયાન કંપનીના ચોપડા અને વાસ્તવિક સ્ટોકમાં તફાવત જોવા મળ્યો છે. સાથે જ કંપની પર વિદેશી મુદ્રા નિયમોના ઉલ્લંઘન અને ગેરરીતિના આરોપો છે. તાજેતરમાં માર્કેટ રેગ્યુલેટર સેબીએ પણ કંપની અને તેના ચેરમેનને શેરબજારમાંથી પ્રતિબંધિત કર્યા હતા. સ્ટોક કરતાં 40% ઓછું મળ્યું અસલી સોનું ED અનુસાર, કંપનીના ખાતામાં જેટલું સોનું દર્શાવવામાં આવ્યું હતું, સ્થળ પર ભૌતિક સ્ટોક તેના કરતાં 40% ઓછો મળ્યો છે. આ ઉપરાંત, તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે બેનામીદારો દ્વારા રાજેશ એક્સપોર્ટ્સ લિમિટેડના શેરનો ઘણી વખત લેણદેણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ગેરરીતિ દ્વારા દેશની બહાર લગભગ 20 મિલિયન ડોલર એટલે કે લગભગ 190 કરોડ રૂપિયા ગેરકાયદેસર રીતે મોકલવામાં આવ્યા છે. 3000 કરોડની શંકાસ્પદ







આયાત અને આફ્રિકાની ખાણોમાં ગુપ્ત રોકાણ કંપનીએ દર્શાવ્યું કે તેણે 3,000 કરોડનું દેવું ચૂકવવા માટે વિદેશથી સોનું આયાત કર્યું, પરંતુ ED ને શંકા છે કે આ સોનું ફક્ત કાગળો પર મંગાવવામાં આવ્યું હતું, વાસ્તવિકતામાં આવો કોઈ વ્યવહાર થયો ન હતો. કંપનીએ આફ્રિકાની સોનાની ખાણોમાં 1,000 કરોડથી વધુનું રોકાણ કર્યું.

આશ્ચર્યજનક બાબત એ છે કે કંપનીએ આ મોટા રોકાણની માહિતી તેની કોઈપણ પેટાકંપનીના ખાતામાં નોંધાવી જ નથી. એટલે કે આ પૈસા ગુપ્ત રીતે રોકવામાં આવ્યા હતા. પનીએ 4-5 એવી વિદેશી કંપનીઓ સાથે 3,000 કરોડના વ્યવહારોને સરખા દર્શાવ્યા, જેમનો ટ્રેક રેકોર્ડ અત્યંત શંકાસ્પદ અને ગડબડવાળો છે. સેબીનો આરોપ: 15.15 લાખ કરોડની નકલી આવક દર્શાવી કંપનીએ વર્ષ 2021 થી 2025 ની વચ્ચે કાગળો પર પોતાની કુલ કમાણીને 15.15 લાખ કરોડ રૂપિયા વધારીને બતાવી. એટલે કે જે કમાણી ખરેખર થઈ જ ન હતી, તેને પણ પોતાની કમાણી ગણાવી દીધી. કંપનીએ દાવો કર્યો કે આ જંગી કમાણી તેની સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત વિદેશી કંપનીમાંથી થઈ છે. જ્યારે તે વિદેશી કંપનીના અસલી ખાતાઓ (ઓડિટ રેકોર્ડ્સ) ની તપાસ થઈ, ત્યારે જાણવા મળ્યું કે ત્યાં તો ખૂબ જ નજીવી કમાણી થઈ હતી. કંપનીએ પોતાની કમાણીનો લગભગ પૂરો હિસ્સો એવી વિદેશી કંપનીઓના નામે દર્શાવી દીધો, જેમની અસલી જાણકારી સામાન્ય જનતા કે રોકાણકારો માટે ઉપલબ્ધ જ નથી. ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જ્વેલરી બનાવતી કંપની રાજેશ એક્સપોર્ટ્સ અને તેના પ્રમોટર્સ સાથે સંકળાયેલા મુંબઈ અને બેંગલુરુના 9 સ્થળો પર દરોડા પાડ્યા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તપાસ એજન્સીએ આ કાર્યવાહી FEMA એટલે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ કરી હતી.

## મસ્કની નેટવર્થ એક અઠવાડિયામાં રેકોર્ડ ₹33.13 લાખ કરોડ ઘટી

- **દુનિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ લેરી પેજની કુલ સંપત્તિના 4 ગણા**

મુંબઈ

દુનિયાના પહેલા ટ્રિલિયનેર બન્યાના થોડા દિવસો પછી જ ઈલોન મસ્કની નેટવર્થમાં અત્યાર સુધીનો રેકોર્ડ ઘટાડો આવ્યો છે. તેમની રોકેટ કંપની સ્પેસએક્સના શેરોમાં આવેલા 16%ના ઘટાડાને કારણે મસ્કની નેટવર્થ માત્ર એક અઠવાડિયામાં લગભગ 350 બિલિયન ડોલર એટલે કે 33.13 લાખ કરોડ રૂપિયા ઓછી થઈ ગઈ છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનેર લિસ્ટ અનુસાર, સ્પેસએક્સના શેરોમાં આવેલા ઘટાડા પછી ઈલોન મસ્કની સંપત્તિ 1.45 ટ્રિલિયન ડોલરથી ઘટીને હવે 1.1 ટ્રિલિયન ડોલર એટલે કે 104.15 લાખ કરોડ પર આવી ગઈ છે. આ ઘટાડો એટલો મોટો છે કે તેનું કુલ કદ દુનિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ લેરી પેજની કુલ નેટવર્થ લગભગ 285 બિલિયન ડોલર એટલે કે 26.98 લાખ કરોડ રૂપિયા કરતાં લગભગ 4 ગણું વધારે છે. ઈલોન મસ્ક આ જ મહિને તેમની રોકેટ, સેટેલાઈટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કંપની સ્પેસએક્સની અમેરિકી બજારમાં લિસ્ટિંગ પછી દુનિયાના પહેલા ટ્રિલિયનેર બન્યા હતા. IPOના શરૂઆતના ત્રણ કારોબારી દિવસોમાં રોકાણકારોના સતત રોકાણને કારણે સ્પેસએક્સના શેર 67% સુધી ઉછળ્યા હતા, જેનાથી કંપનીનું વેલ્યુએશન 1.8 ટ્રિલિયન ડોલર (170 લાખ કરોડ રૂપિયા) ને પાર પહોંચી ગયું હતું. શરૂઆતની તેજી પછી સ્પેસએક્સના સ્ટોકમાં સતત ત્રણ સેશનમાં ઘટાડો જોવા મળ્યો. આ વેચવાલીથી કંપનીની માર્કેટ વેલ્યુ લગભગ 928 બિલિયન ડોલર એટલે કે લગભગ 87.84 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. કંપનીનું કુલ વેલ્યુએશન પણ તેના ઉચ્ચ સ્તર 2.9 ટ્રિલિયન ડોલરથી ઘટીને હવે માત્ર 2 ટ્રિલિયન ડોલર એટલે કે 189 લાખ કરોડ રૂપિયાની આસપાસ આવી ગયું છે.

## AMCના કમિશનર દ્વારા સત્તાવાર જાહેરાત કરાઈ

# સાબરમતી નદી પરનો 53 વર્ષ જૂનો સુભાષ બ્રિજ તોડીને નવો બનાવાશે



અમદાવાદ

અમદાવાદના સૌથી ચર્ચાસ્પદ બનેલા સુભાષબ્રિજના ડિમોલીશનને લઈ આજે મહત્વનો નિર્ણય લેવાઈ શકે. સુભાષ બ્રિજ ડેમેજ થયા બાદ તેના તમામ સ્પાન તોડીને નવો બ્રિજ બનાવવાનો હતો. પરંતુ બ્રિજ ખૂબ જ જૂનો હોવાથી ગર્ડર સાથે સ્પાનમાં પણ તિરાડ જોવા મળી રહી છે અને પિલ્લર ખૂબ જ જૂના થઈ ગયા હોવાથી તેને પણ તોડીને નવા બનાવવા જોઈએ તેવો કન્સલ્ટન્ટનો અભિપ્રાય આપવામાં આવ્યો હોવાથી પિલ્લરનું પણ ડિમોલીશન કરવામાં આવી શકે છે. આજે સાંજે મ્યુનિસિપિલ કમિશનર અધિકારીઓ સાથે બેઠક કરી બ્રિજનું ડિમોલીશન કઈ રીતે કરવું તેને લઈ નિર્ણય લઈ શકે છે. નવો બ્રિજ બનતા હવે એપ્રિલ 2027 સુધી રાહ જોવી પડી શકે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજ્યની સૌથી મોટી અને 12,000 કરોડ રૂપિયાના બજેટ ધરાવનારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી તંત્રની ઘોર બેદરકારીનો નમુનો સામે આવ્યો છે. સુભાષ બ્રિજમાં ખામીના કારણે બ્રિજને સંપૂર્ણપણે ડિમોલેશન કરવાની જગ્યાએ માત્ર સુપર સ્ટ્રક્ચર તોડવાનો નિર્ણય અગાઉથી લઈ લેવામાં આવ્યો હતો. પરંતુ હવે બ્રિજના ડિમોલીશનની પ્રક્રિયા દરમિયાન હયાત બ્રિજમાં પણ કેટલું નુકસાન થઈ શકે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. બ્રિજના ગર્ડરમાં તિરાડો જોવા મળી છે. જે સ્થિતિમાં ડિમોલેશન કરવામાં આવી રહ્યો છે તેના કારણે બ્રિજને વધુ નુકસાન થઈ શકે જેથી કન્સલ્ટન્ટ દ્વારા હવે સંપૂર્ણપણે બ્રિજ તોડી પાડવો જોઈએ એવો અભિપ્રાય આપવામાં આવ્યો છે

બ્રિજ કન્સલ્ટન્ટ આઈઆઈટી રૂડકી અને આઈઆઈટી ગાંધીનગર, મહેશ ટંડન જેવા દેશના અગ્રણી બ્રિજ નિષ્ણાતોના સૂચન મુજબ સુભાષ બ્રિજનું સંપૂર્ણ પુનઃનિર્માણ લાંબા ગાળા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. તેમના દ્વારા બ્રિજ ડિમોલેશનની પ્રક્રિયા અંગે અભિપ્રાય આપવામાં આવ્યા છે. હાલમાં જે બ્રિજના બે સ્પાન તોડી નાખવામાં આવ્યા છે તે બાદ બ્રિજમાં કેટલીક તિરાડો જોવા મળી છે. બ્રિજ 60 વર્ષથી વધુ જુનો હોવાથી હવે બ્રિજના પીલરને પણ તોડીને સંપૂર્ણપણે ડિમોલેશન કરવા માટે અભિપ્રાય આપવામાં આવ્યો છે. જેથી મ્યુનિસિપલ કમિશનર અને કન્સલ્ટન્ટ વચ્ચે સમગ્ર બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને આજે સાંજે બ્રિજ અંગેનો નિર્ણય લેવામાં આવશે. બ્રિજ તોડવાને લઈને અંદાજિત ચાર થી પાંચ કરોડ રૂપિયાનો વધુ ખર્ચ થઈ શકે છે જે પ્રજાના માથે આવશે. પહેલા આ બ્રિજ જાન્યુઆરી 2027માં શરૂ કરવાનો લક્ષ્યાંક હતો. પરંતુ, હવે જો સંપૂર્ણ તોડવાનો નિર્ણય લેવાય તો ખર્ચ અને સમયમર્યાદામાં વધારો થશે.

**પહેલા આ બ્રિજ જાન્યુઆરી 2027માં શરૂ કરવાનો લક્ષ્યાંક હતો. પરંતુ, હવે જો સંપૂર્ણ તોડવાનો નિર્ણય લેવાય તો ખર્ચ અને સમયમર્યાદામાં વધારો થશે**

### ■ તિરાડો દેખાતાં લેવાયો નિર્ણય

સુભાષ બ્રિજના પિલર (થાંભલા)માં તાજેતરમાં જ મોટી તિરાડો જોવા મળી હતી. આ બાબત સામે આવ્યા બાદ તુરંત જ બ્રિજ એક્સપર્ટસની ટીમ દ્વારા આખા બ્રિજનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. એક્સપર્ટસની ટીમે આ અંગે એક વિગતવાર તપાસ રિપોર્ટ તૈયાર કર્યો હતો, જેમાં જણાવાયું છે કે આ બ્રિજના પિયર્સ-Piers (થાંભલાની ઉપરનું આડું માળખું)નું આયુષ્ય 53 વર્ષ જેટલું થઈ ગયું છે, જેથી મજબૂતાઈ જોખમી સ્તરે પહોંચી ગઈ છે.

### ■ બજેટ અને સમયગાળામાં થશે વધારો

અગાઉ સુભાષ બ્રિજના માત્ર રિપેરિંગ પાછળ 236 કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ હવે આખો બ્રિજ નવેસરથી બનાવવાનો હોવાથી પ્રોજેક્ટના કુલ ખર્ચમાં મોટો વધારો થશે. બ્રિજના રિપેરિંગ કામ માટે અગાઉ 9 મહિનાનો સમય લાગવાનો અંદાજ હતો, પરંતુ હવે નવો બ્રિજ બનાવવાનો હોવાથી આ સમયગાળામાં પણ નોંધપાત્ર વધારો થશે.

હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ નવા પ્રોજેક્ટના કોસ્ટ, ટાઇમ, સંપૂર્ણ પ્રોજેક્ટ લાઈફ અને નવી ડિઝાઇન સહિતના તમામ ટેકનિકલ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

---


અજાણ્યા નંબરથી આવતા મેસેજથી સાવધાન

# RTO ચલણની APK ઇન્સ્ટોલ કરતા યુવકે લાખો રૂપિયા ગુમાવ્યા

અજાણતા જ યુવકે આ માલવેર ફાઈલ ડાઉનલોડ કરી લીધી હતી અને તેમાં પોતાનું નામ તેમજ સરનામા સહિતની અંગત માહિતીઓ ભરી હતી, આ પ્રક્રિયા દરમિયાન જ તેનો મોબાઈલ ફોન અચાનક હેંગ થઇ ગયો

અમદાવાદ

ડિજિટલ યુગમાં ઓનલાઈન છેતરપિંડીની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે સાયબર ફ્રોડની નવી મોડસ ઓપરેન્ડીમાં ભેજાબાજો હવે ટ્રાફિક મેમા એટલે કે RTO ચલણના નામે લોકોને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. જેમાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા અને એક ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા 35 વર્ષીય યુવક સાથે લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. અજાણ્યા નંબર પરથી આવેલી એક APK ફાઈલ ઈન્સ્ટોલ કરવાના ચક્કરમાં યુવકને બેંક એકાઉન્ટમાંથી 11.87 લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.



આ ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, યુવકના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં RTO ચલણની વિગતો જોવા માટે એક APK ફાઈલ મોકલવામાં આવી હતી. અજાણતા જ યુવકે આ માલવેર ફાઈલ ડાઉનલોડ કરી લીધી હતી અને તેમાં પોતાનું નામ તેમજ સરનામા સહિતની અંગત માહિતીઓ ભરી હતી. આ પ્રક્રિયા દરમિયાન જ તેનો મોબાઈલ ફોન અચાનક હેંગ થઈ ગયો હતો. હેકર્સ દ્વારા ફોનનો કંટ્રોલ લઈ લેવાતા તેના પર સતત અલગ-અલગ OTP આવવાના શરૂ થઈ ગયા હતા. જો કે, તે સમયે યુવકે આ મેસેજ પર ખાસ ધ્યાન આપ્યું ન હતું.

બીજા દિવસે સવારે જ્યારે યુવકે પોતાના મોબાઈલમાં બેંકના મેસેજ તપાસ્યા, ત્યારે તેના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. તેના ખાતામાંથી ઉપરાછાપરી ટ્રાન્ઝેક્શન થયા હોવાના મેસેજ હતા. ખાતરી કરવા માટે તે તાત્કાલિક બેંક પહોંચ્યો હતો, જ્યાં તેને જાણવા મળ્યું હતું કે સાયબર ગઠિયાઓએ તેનું આખું બેંક એકાઉન્ટ સંપૂર્ણપણે ખાલી કરી નાખ્યું છે અને કુલ 11.87 લાખ રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધા છે.

---

# નારોલ પોલીસ ઊંઘતી રહી અને PCBએ રેડ મારી બે આરોપી સાથે લાખો રૂપિયાનો દારુ ઝડપ્યો

અમદાવાદ

અમદાવાદમાં સ્થાનિક પોલીસની નાક નીચે ચાલતા દારૂના વેપલાની પોલ ફરી એકવાર ખુલી ગઈ છે. નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિક પોલીસ અંધારામાં રહી અને પીસીબીએ બાતમીના આધારે સપાટો બોલાવીને મોટા પાયે થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. નારોલ રંગોલી નગર તરફ જવાના રસ્તે ટોરેન્ટ પાવર પાસે રોડ પરથી પસાર થતા એક શંકાસ્પદ વાહનને આંતરીને પોલીસે ફર્નિચરની આડમાં છુપાવેલા વિદેશી દારૂ સહિત 38.44 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી બે શખ્સોની ધરપકડ પણ કરી છે.

બુટલેગરો દ્વારા પોલીસને ચકમો આપવા માટે એક નવો જ કીમિયો અપનાવવામાં આવ્યો હતો. આરોપીઓએ જૂના અને તૂટી ગયેલા ફર્નિચર જેવા કે ટેબલ, ખુરશી અને લાકડાની શેટીની એક ખોટી ટ્રાન્સપોર્ટ બિલ્ટી બનાવી હતી. આ ફર્નિચરની આડમાં જ હિમાચલ પ્રદેશના પાર્સિંગવાળા વાહનમાં વિદેશી દારૂ છુપાવીને અમદાવાદ લાવવામાં આવી રહ્યો હતો. PCBએ ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને આ ગાડીને રોકી તલાશી લેતા અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 177 પેટીઓ મળી આવી હતી. પોલીસે ગાડીમાં સવાર હિમાચલ પ્રદેશના સોલન જિલ્લાના રમેશચંદ રામલાલ ઝુલાહા અને અમદાવાદના અમરાઈવાડીમાં રહેતા જીતેન્દ્ર હરીરામ ચોરસીયા નામના બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા.

PCB દ્વારા કરવામાં આવેલી આ મોટી કાર્યવાહીમાં વિદેશી દારૂની 5868 નાની-મોટી બોટલો, ટાટા ગાડી, બે મોબાઈલ ફોન, જૂનું ફર્નિચર અને ખોટી બિલ્ટી મળીને કુલ 38,44,944 નો માતબર મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

---


# શહેરમાં 17 ટ્યુશન ક્લાસ અને શિક્ષણ સંસ્થાને નોટિસ, એક સીલ

લખનૌની ઘટના બાદ આજે શિક્ષણ સંસ્થાઓમાં મ્યુનિ.ના ફાયર વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી

અમદાવાદ

દિલ્હીની હોટેલની ઘટના બાદ જેવી રીતે અમદાવાદ શહેરમાં હોટેલ-રેસ્ટોરન્ટમાં ચકાસણી કરવામાં આવી રહી છે, તેવી રીતે હવે લખનૌની ઘટના બાદ આજે શિક્ષણ સંસ્થાઓમાં મ્યુનિ.ના ફાયર વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા 17 ટ્યુશન ક્લાસ, શિક્ષણ સંસ્થાને ફાયર સેફ્ટીની ખામી બદલ નોટિસ ફટકારવામાં આવી છે. જ્યારે એક સંસ્થા સીલ કરાઈ છે.




અમદાવાદ શહેરના વસ્ત્રાલ, થલતેજ, સેટેલાઈટ, માનસી ચાર રસ્તા, નવરંગપુરા, નારણપુરા વગેરે વિસ્તારમાં આજે સવારથી જ મ્યુનિ.ના ફાયર બ્રિગેડે શિક્ષણ સંસ્થાઓમાં તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ એક્સપાયર્ડ થયેલું હોવાથી નવકાર ડિજિટલ ઈન્સ્ટિટ્યૂટને સીલ કરી દેવામાં આવ્યું હતું. જ્યારે ફાયર એક્સટિંગ્વિશર, ઈમરજન્સી એક્ઝિટ, વિદ્યુત સુરક્ષા, અવરજવરના માર્ગો વગેરે પાસાઓમાં ખામી બદલ 17 ટ્યુશન ક્લાસ અને શિક્ષણ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે. હોટેલ, રેસ્ટોરન્ટની માફક નિયત મુદતમાં આ સંસ્થાઓ દ્વારા પણ ફાયર સેફ્ટીને લગતી ખામીઓ સુધારવામાં નહીં આવે તો સંસ્થા સીલ કરવા સહિતના પગલાં લેવામાં આવશે.

---

'મને સેલ્યુટ કેમ ન મારી? તારી વર્દી ખાઈ જઈશ...'

# કાલુપુર સ્ટેશને નકલી IPSએ કોન્સ્ટેબલને ધમકાવ્યો!

અમદાવાદ

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન બહાર પોતાને IPS અધિકારી તરીકે ઓળખાવી પોલીસ કર્મચારી પર રોફ જમાવનાર યુવક સામે કાલુપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. નકલી IPSએ પોતાનું નામ જોન ડેનિયલ જણાવ્યું હતું. તેણે નકલી IPS અધિકારી હોવાનો દાવો કરી પોલીસ કર્મચારી સાથે ગેરવર્તન કરી ધમકી આપી હતી.



સાબરકાંઠાના મહીયલ ગામના રહેવાસી અને હાલ કાલુપુર રેલવે પોલીસ મથકે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અજય દેસાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેજસ ટ્રેન આવવાનો સમય હોવાથી રેલવે સ્ટેશન બહાર મુસાફરોની ભારે અવરજવર હતી. તે દરમિયાન એક કારમાં આવેલા યુવકે તેમને બોલાવી પૂછ્યું, ઈધર ઈતના ટ્રાફિક ક્યૂં હૈ? જેના જવાબમાં અજય દેસાઈએ જણાવ્યું કે રેલવેમાં વિકાસનું કામ ચાલતું હોવાથી ટ્રાફિક થયો છે. આ જવાબ સાંભળતા જ યુવક ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલવા લાગ્યો હતો.

ત્યારબાદ તેણે અજય દેસાઈને પૂછ્યું, સેલ્યુટ ક્યૂં નહીં મારા? એટલું કહી કારમાંથી નીચે ઉતરી પોલીસ કર્મચારીને ધક્કો માર્યો હતો તેમજ તેમની વર્દી ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન અન્ય પોલીસ કર્મચારીઓ સ્થળ પર પહોંચી જતા યુવકે પોતાનો રોફ બતાવતા કહ્યું હતું, મેં આઈપીએસ જોન ડેનિયલ હૂં... તેરી વર્દી ખા જાઉંગા... ડીજી કો બોલકર તેરા યહાં સે બહુત દુર ટ્રાન્સફર કરવા દૂંગા. આટલું કહી તેણે પોતાના મોબાઈલમાં ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર દેવાની ધમકી પણ આપી હતી. ત્યારબાદ તે કાર લઈને ત્યાંથી નીકળી ગયો હતો. સમગ્ર મામલે અજય દેસાઈએ કાલુપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે જોન ડેનિયલ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

---

# CA ઇન્ટરમીડિયેટમાં અમદાવાદનો દબદબો : ઑલ ઇન્ડિયા ટોપ 50માં અમદાવાદના ત્રણ વિદ્યાર્થી ઝળક્યા!

આ પરિણામમાં અમદાવાદના ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા લેવલે ટોપ 50માં સ્થાન મેળવીને શહેરનું ગૌરવ વધાર્યું છે

અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) દ્વારા સીએ (CA) ઈન્ટરમીડિયેટ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. આ વર્ષે ઑલ ઈન્ડિયા લેવલે બંને ગ્રુપનું પરિણામ 8.47%, માત્ર ગ્રુપ-1નું 10.25% અને ગ્રુપ-2નું પરિણામ 16.11% રહ્યું છે. અમદાવાદ બ્રાન્ચે આ રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. અમદાવાદ બ્રાન્ચમાં બંને ગ્રુપનું પરિણામ 6.55%, ગ્રુપ-1નું 9.09% અને ગ્રુપ-2નું પરિણામ 21.90% આવ્યું છે. નોંધનીય છે કે અગાઉ જાન્યુઆરીમાં બંને ગ્રુપનું પરિણામ 13.19% હતું, જેની સરખામણીએ આ




વખતે પરિણામ 6.55% રહ્યું છે. આ પરિણામમાં અમદાવાદના ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા લેવલે ટોપ 50માં સ્થાન મેળવીને શહેરનું ગૌરવ વધાર્યું છે. ઑલ ઈન્ડિયામાં 5મો રેન્ક મેળવનારા મોક્ષ રાઠોડે જણાવ્યું કે, 'સીએ ફાઉન્ડેશનમાં મારો 8મો રેન્ક હતો, તેથી ઈન્ટરમીડિયેટમાં પણ ટોપ રેન્ક લાવવાનો મારો લક્ષ્યાંક હતો. મેં જે.કે. શાહ ક્લાસીસમાં વહેલા જોડાઈને રોજનું રોજ રિવિઝન કરવાની ટેવ પાડી હતી. છેલ્લા ત્રણ મહિના મેં લાઈબ્રેરીમાં રોજ 8થી 10 કલાક સેલ્ફ સ્ટડી કરી છે. અભ્યાસને પ્રાધાન્ય આપવા મેં પરિવારના કેટલાક પ્રસંગો અને લગ્નો પણ જતા કર્યા હતા. છતાં, યોગ્ય ટાઈમ મેનેજમેન્ટના કારણે મેં ક્લાસીસમાં જ મિત્રો સાથે તહેવારોની ઉજવણી કરી હતી.' મોક્ષના દાદા અને પપ્પા બંને પ્રેક્ટિસિંગ સીએ છે, એટલે તે પરિવારમાંથી ત્રીજી પેઢીનો સીએ બનશે. તેની માતાએ કોમ્પ્યુટર કોર્સ કરેલો છે અને તેનો ભાઈ મિકેનિકલ એન્જિનિયર બનીને ગૂગલમાં જોડાવા જઈ રહ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI